
॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગત: સુખાય



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ૐ॥

॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

# ઓમ્ પરિવારના ઉત્સવ–૨૦૦૩

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | તારીખ અને વાર |
|---|---|---|
| મહાશિવરાત્રી નિમિત્તે | યોગેશભાઈ બી. પટેલના કુવા પર<br>રેલ્વે ફાટક નં.-૨૫, જાગનાથ ભાગોળ,<br>પાડવણિયા રોડ, મુ. ઉમરેઠ, જિ. આણંદ. | ૨-૩-૨૦૦૩<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |
| હનુમાન જયંતી નિમિત્તે | ૧/૧, ભદ્રેશ્વર ફ્લેટસ્,<br>અંકુર બસ સ્ટેન્ડ પાછળ,<br>નારણપુરા, અમદાવાદ-૧૩. | ૨૦-૪-૨૦૦૩<br>રવિવાર<br>સવારે ૯ થી ૧૨ |
| ગુરુપૂર્ણિમા | ઈચ્છાબેનની વાડી,<br>પુષ્પકુંજ પાસે, કાંકરીયા,<br>મણીનગર, અમદાવાદ-૮. | ૧૫-૭-૨૦૦૩<br>રવિવાર<br>સવારે ૮ થી ૨ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | પંકજભાઈ શાહ<br>અશોક એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ બેંકની સામેની ગલીમાં,<br>સી. એન. વિદ્યાલય પાસે, આંબાવાડી, અમદાવાદ. | ૨૦-૧૦-૨૦૦૩<br>સોમવાર<br>સાંજે ૪.૩૦ થી ૮ |
| બેસતું વર્ષ | નૈષધભાઈ વ્યાસ<br>૩, ગંગાધર સોસાયટી,<br>સરદાર પટેલ હાઈસ્કૂલની સામે, મણીનગર, અમદાવાદ-૮. | ૨૬-૧૦-૨૦૦૩<br>રવિવાર<br>સવારે ૭ થી ૮ |
| શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે | "નિર્વિકલ્પ મુક્તિધામ"<br>નાથાભાઈ એ. પટેલના ખેતરમાં,<br>મુ.પલિયડ (વેડા), તા. કલોલ, જિ. મહેસાણા. | ૨૮-૧૨-૨૦૦૩<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |

## ઓમ્કાર ધ્વજારોહણ મહોત્સવ તથા ભિક્ષુબોધોત્સવ

તારીખ : ૨૯-૧૨-૨૦૦૨ રવિવાર, સવારે ૧૦.૦૦ થી ૨.૦૦

સ્થળ : નિર્વિકલ્પ મુક્તિધામ, નાથાભાઈ પટેલના ખેતરમાં, મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. મહેસાણા.

### નમ્ર નિવેદન

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુ મહારાજશ્રીના અમૃત મહોત્સવ–વર્ષ દરમ્યાન, ઓમ્ પરિવારે, વિશ્વશાંતિ માટે, "ઓમ્ ગુરુ ઓમ્"ના બે અબજ મંત્રોનો જપ કરવાનો સંકલ્પ કરેલ છે; તો સર્વે વિશ્વશાંતિ પ્રેમીજનોને સાગ્રહ વિનંતી છે કે સૌ, વર્ષ આખું યથાશક્તિ મંત્રોના જપ કરે અને વર્ષ દરમિયાન જપેલા મંત્રોની સંખ્યા નીચેના સરનામે લખી જણાવે –

**ઓમ્ પરિવાર**

૩-બી, પલિયડનગર, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ, દેવકીનંદન દેરાસરની બાજુમાં, નારણપુરા, અમદાવાદ-૧૩.

નમ્ર નિવેદક : ડૉ. સ. સ. ભિક્ષુના જય વિશ્વશાંતિ

# લોકસંત પ.પૂ. શ્રી યોગભિક્ષુજી મહારાજનો ૭૫મા વર્ષમાં મંગલ પ્રવેશ

## ("સનાતન પ્રભાત" માસિકમાં પ્રગટ થયેલ અહેવાલ)

આસો મહિનાના કૃષ્ણ પક્ષની તિથિ (દિ.૩૧/૧૦/૦૨)ના રોજ ગુજરાતના લોકસંત પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજ (ઓમ્ પરિવારના આધ્યાત્મિક વડા)ની ૭૫મી વર્ષગાંઠ આવી રહી હોઈ સદર તિથિને એક ઉત્સવ તરીકે ("અમૃત મહોત્સવ" તરીકે ઊજવવાનું ઓમ્પરિવારે નક્કી કર્યું છે. સાધકગણ કાર્યક્રમનું આયોજન તથા તેને સંપન્ન કરવાની દિશામાં અત્યારથી લાગી ગયા છે. સાધકગણ માટે પોતાના ગુરુદેવની સેવા કરવાનો આથી રૂડો અવસર બીજો શું હોઈ શકે? તેઓના જીવનમાં સદર પ્રસંગ અવિસ્મરણીય બની રહેશે તેમજ જ્ઞાન તથા ભક્તિના દૃષ્ટિકોણથી તો તે લાભપ્રદ બની જ રહેશે.

પ.પૂ. શ્રી યોગભિક્ષુજી મહારાજજીને શુભેચ્છાઓ તથા અભિનંદનની હેલી વર્ષાવનારી સંસ્થાઓ તથા સાધકગણોમાં સનાતન સંસ્થા પણ સહભાગી છે.

આવા વિચક્ષણ સંતપુરુષ, જેઓ સાતત્યથી સમાજને જ્ઞાન પ્રદાન કરીને સત્‌ના માર્ગે ચાલવા માટે ઉદ્યુક્ત કરીને તેનું જીવન કૃતાર્થ કરવા માર્ગદર્શન બક્ષી રહ્યા છે, તેમને ઈશ્વર દીર્ઘાયુષ્ય પ્રદાન કરે તેવી ઈશ્વરચરણે પ્રાર્થના છે.

### જીવન ઝરમર

બાળપણથી જ શ્રી યોગભિક્ષુજી નૈતિક આચરણના આગ્રહી હતા અને શારીરિક શક્તિની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ હતા. કોઈપણ કાર્ય હોય તેને જો એક વખત કરવાનો નિર્ધાર કર્યો હોય તો તેને પૂર્ણ કરીને જ તેઓ છોડતા હતા. તેમની ઉપસ્થિતિમાં નિર્બળને કોઈ સતાવી શકતું નહોતું.

અધ્યાત્મના માર્ગે ચાલીને એક નિશ્ચિત ધ્યેય સુધી પહોંચવાનું જાણે કે તેમને બાલ્યાવસ્થાથી જ જ્ઞાત હતું, તેમ તે દિશામાં તેઓ સતત કાર્યરત રહેતા. જ્યાં એકાંત મળે ત્યાં તેઓ પોતાની સાધનામાં મગ્ન રહેતા. યોગસાધનામાં વિશેષતઃ પ્રાણાયામ તેમને પ્રિય હતો. મિત્રવૃંદ તથા ભક્તગણો સાથે થયેલ ચર્ચા પરથી તેઓશ્રી અષ્ટાંગયોગના વ્યાસંગી હતા એ જ્ઞાત થયું. વ્યવહારની દૃષ્ટિએ તેમનું શિક્ષણ ચોથા ધોરણ સુધી જ મર્યાદિત રહ્યું, પરંતુ સોળ વર્ષની ઉંમરે નિજાનંદમાં લીન રહીને ધ્યેયપ્રાપ્તિ સુધી એકલવાયું જીવન જીવવાનો નિર્ધાર તેઓ કરી ચૂક્યા હતા. લગ્ન વિષે રુચિ નહોતી તેથી તેમાંથી તેઓ અળગા રહ્યા.

'બાપુ'ના હુલામણા નામથી જાણીતા થયેલા શ્રી યોગભિક્ષુ પાસે કોઈ જાય ત્યારે તેને અચૂક જ્ઞાન-પ્રબોધન થાય છે. શ્રી યોગભિક્ષુજી નથી કોઈને શિષ્ય બનાવતા કે નથી કોઈ મંત્ર પ્રદાન કરતા; બલકે સમાજના તમામ સ્તરના લોકોને, જિજ્ઞાસુઓને જગતમાં જે કાંઈ સારું છે તે જીવનમાં ઉતારવા અનુરોધ કરે છે અને સત્‌ના માર્ગે ચાલવા પ્રેરણા બક્ષે છે. પોતાનાં દ્વાર સૌના માટે ખુલ્લાં છે અને જ્ઞાનપ્રાપ્તિ હેતુ પ્રયત્નશીલ રહેનારા જીવો તે માટે હકદાર છે અને જેટલું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તેટલું કરવાનો પ્રયાસ કરો એમ તેઓશ્રી કહે છે.

શ્રી યોગભિક્ષુજીની પવિત્રતા તથા કાર્યપ્રવૃત્તિની સોડમ સર્વત્ર પ્રસરવાથી તેમની સાધના તથા દિવ્ય જીવનનો પરિચય સૌને થવા લાગ્યો. એમના માધ્યમ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવાનું અને પવિત્ર ધ્યેય તરફ જવા પ્રવૃત્ત કરવાનું કાર્ય શ્રી યોગભિક્ષુજી કરી રહ્યા છે તે એક અર્થમાં સમાજ માટે એક આશીર્વાદ જ છે. સાચા અર્થમાં તે વિશ્વકલ્યાણ હેતુ ઉમદા પ્રયાસ છે.

આવું દિવ્ય જીવન, ભાવિકોનો પ્રેમભર્યો સહકાર, પોતાની સમર્થતા વગેરે સઘળું હોવા છતાં તેમણે કાર્યપ્રવૃત્તિના વિસ્તરણ હેતુ 'આશ્રમ'નો પણ આગ્રહ રાખ્યો નથી. સામાન્ય રહેઠાણ જેવા મકાન 'ધર્મમેઘ'માં રહીને પોતાની સાધના તથા પ્રવૃત્તિ હેતુ કાર્યપ્રવૃત્ત રહેનારા શ્રી યોગભિક્ષુજી સાચા અર્થમાં યોગની ભિક્ષાપ્રાપ્તિ હેતુ પોતાના જીવનને ચંદનની માફક ઘસીને અન્ય લોકો માટે રાહબર બનવા એક ભિક્ષુ બની રહ્યા એમ જ કહી શકાશે. યોગભિક્ષુની સ્થિતિએ પહોંચવા માટે કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે એ તો એક યોગી જ જાણી શકે છે.

આવા વિચક્ષણ સંતપુરુષ 'યોગી'શ્રી યોગભિક્ષુજીને અમારા કોટિ કોટિ પ્રણામ!

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજનહિતાય - બહુજનસુખાય)

વર્ષ - ૧૯ (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ)

VOL - XVI 2002-2003 ISSUE - III માનદ તંત્રી - નૈષધ વ્યાસ

# ગુરુમહિમા
# (યોગરહસ્યોથી ભરપૂર - યોગનિષ્ઠારસથી તરબોળ)

— યોગભિક્ષુ

આખર લગી રહે એકતા,
તો મનુષ્ય નહીં એ દેવ.

'ઋતમ્ભરા'ના જુલાઈ-૨૦૦૨ના અંકમાં, "ગુરુમહિમા"ની આ હાર્દ સમાન પંક્તિઓને ખૂબ વિસ્તારપૂર્વક સમજેલા. આમ તો આ લીટીને સમજાવતાં સમજાવતાં એક પુસ્તક તૈયાર થઈ જાય એટલા ગૂઢાર્થ સવજીદાસે એમાં ભરી દીધા છે. લીટીમાંના 'પ્રતમા' શબ્દને પૂર્ણપણે સમજાવવા માટે પુનરોક્તિનો દોષ કરીને આપણે ઘણું ઘણું કહેલું. 'પ્રતમા' શબ્દ ઉપરની લીટીની અગાઉની લીટીમાં આવતો હતો જે નીચે મુજબ હતી :

ગુરુની પ્રતમા પાળશે, ને કરે સદ્‌ગુરુની સેવ;
આખર લગી રહે એકતા, તો મનુષ્ય નહીં એ દેવ.

પરમકૃપાળુ પરમાત્મા ઓમ્‌નારાયણ આપણી પાસે એવી નિષ્ઠા રખાવે, આપણી પાસે એવી પ્રતમા પળાવે, આપણી પાસે સદ્‌ગુરુની એવી સેવા કરાવે કે જેથી આખર સુધી તેમની સાથે એકતા રાખી શકીએ અને એ એકતા દ્વારા મનુષ્યમાંથી દેવ થઈ જઈએ. પશુપક્ષી કરતાં મનુષ્ય ઊંચી કોટિમાં છે અને મનુષ્ય કરતાં દેવ ઊંચી કોટિમાં છે. ઉપરની કોટિમાં ના જઈએ તો છેવટે મનુષ્ય તો રહીએ જ. મનુષ્યના મનુષ્ય ક્યારે રહી શકીએ? જ્યારે મનુષ્યથી પણ ઊંચી કોટિમાં જવાનો પ્રયત્ન કરતા રહીએ ત્યારે. કેવળ મનુષ્ય જ રહેવાનો પ્રયત્ન કરીશું તો પશુપક્ષીની યોનિમાં ચાલ્યા જવાના. પરંતુ મનુષ્યથી ઊંચી દેવયોનિમાં જવાનો પ્રયત્ન કરીશું તો દેવયોનિમાં નહીં જઈ શકીએ તો છેવટે મનુષ્યના મનુષ્ય તો રહીશું જ. મનુષ્યજન્મની સાર્થકતા કરીએ, આખર સુધી ગુરુજનોની સાથે એકતા રાખીને.

કુળ-મર્યાદા ખોઈકે, ગ્રહે સદ્‌ગુરુકો સાર;
તો ભવસાગરકી વાટમાં, કબહુ ન લોપે કાળ.

"કુળ-મર્યાદા ખોઈકે, ગ્રહે સદ્‌ગુરુકો સાર." સદ્‌ગુરુના જીવનમાં જે કાંઈ સાર આપણને મળતો હોય એ સારને ગ્રહણ કરવામાં કુળની મર્યાદા નહીં રાખવાની, કુટુંબની મર્યાદા નહીં રાખવાની; આપણે મોટા શેઠ છીએ, આપણે મોટા ધનવાન છીએ, આપણે મોટા કુળવાન છીએ એવી કોઈપણ પ્રકારની મર્યાદાનું ઉલ્લંઘન કરી નાખવાનું. બીજી બધી બાબતોમાં કુળમર્યાદા રાખવી જોઈએ. કુળમર્યાદા જે રાખે છે એ આદર્શ ગૃહસ્થ કહેવાય છે. સાંસારિક જીવનમાં, વ્યાવહારિક જીવનમાં, ગૃહસ્થ જીવનમાં પોતપોતાના કુટુંબની, કુળની જે મર્યાદાઓ નક્કી થયેલી છે એનું પાલન કરવું જોઈએ. જે મનુષ્ય એ મર્યાદાનું પાલન કરે છે તે આદર્શ ગૃહસ્થ, પ્રશંસનીય ગૃહસ્થ કહેવાય છે.

પરંતુ ઉપરોક્ત બાબતમાં આ એક અપવાદ છે. બીજી બધી બાબતમાં તમે કુળની મર્યાદા જરૂર પાળો પણ

'સદ્‌ગુરુ કો સાર' ગ્રહણ કરવાનો વખત જ્યારે આવે; સદ્‌ગુરુ સાથે વર્તન કરવાનું જ્યારે આવે ત્યારે એ નિયમમાં અપવાદ છે. ત્યારે 'કુળમર્યાદા ખોઈ કે' – કુળમર્યાદા રાખીને જો થઈ શકતું હોય તો તો આનંદની વાત છે, પરંતુ ગુરુદેવનો સાર ગ્રહણ કરવામાં જો કુળની મર્યાદા ખોવાઈ જતી હોય અથવા તો કુળની મર્યાદા રાખવા જતાં ગુરુદેવ પાસેથી સાર મળી શકતો ના હોય તો એ મર્યાદાને, એ કુળની-કુટુંબની કલ્પેલી મર્યાદાને જતી કરવી. પણ ગુરુદેવ પાસેથી સારને ગ્રહણ કરવાનો મોકો જતો ના કરવો. એમની પાસેથી મેળવાતો સાર ગમે તે રીતે પણ અચૂક મેળવવો. તો –

**ભવસાગરકી વાટમાં, કબહુ ન લોપે કાળ.**

ભવસાગરરૂપી વાટ, રસ્તો – કયો છે ભવસાગરનો રસ્તો? મનુષ્યજન્મરૂપી સાગર, એની અંદર આ રસ્તો પડેલો છે અને એની ઉપર આપણે ચાલી રહ્યા છીએ. સાગરમાં તો કેવા રસ્તા હોય? પહાડો ઉપર થોડી થોડી કેડી પડેલી હોય, શહેરમાં વિશાળ રાજમાર્ગો હોય પણ મહાસાગર હોય તો એમાં ક્યાંથી કેડી હોય? પરંતુ એ સાગરની કેડીઓને પણ નાવિકો, હોડી ચલાવનારાઓ, એના ભોમિયાઓ જાણતા હોય છે. તેમ એ ભવસાગરની વાટ બતાવનાર ગુરુદેવ છે અને ભવસાગરની વાટ જેના હાથમાં આવી જાય છે એને કાળ ક્યાંથી લોપે? એ કાળ-કલેશથી ડરે શેનો? કાળ અને કાયા. જેને કાળ જ નથી, એકાકાર થઈ ગયા છે; કાયા હોય તો એને કાળ હોય અને તો એ કાળ કાયાને લોપે. પણ જ્યાં કાયા જ નથી, એકાકારપણું છે ત્યાં કાળ શું કરી શકે? સદ્‌ગુરુ સાથે એકાકાર થયેલ શિષ્ય ચોર્યાશી લાખના ચક્કરમાંથી છૂટી જાય, તેનો ભવસાગરનો ફેરો ટળી જાય, તે મોક્ષને પામે.

**કૃપા ભયી સબ ભેખ કી, અંતરની ફળી આશિષ;**
**દાસ સવો દંડવત્ કરે, સદ્‌ગુરુ ચરણ ઉપાસી.**

સવજીદાસ સદ્‌ગુરુના ચરણની ઉપાસના કરીને, એમના ચરણમાં બેસીને, એમને દંડવત્ કરીને શું કહી રહ્યા છે? 'કૃપા ભયી સબ ભેખકી' – મારા ઉપર કૃપા થઈ. કોની કૃપા થઈ? ગુરુદેવની. પણ ગુરુદેવની કૃપા લાવનાર કોણ? 'સબ ભેખ'. દરેકે દરેક સંપ્રદાયના સાધુસંતોની કૃપા થઈ, કેમકે હું તો બધાને 'જય નારાયણ' કહેતો હતો.

**તુલસી ઈસ સંસારમેં, સબસે મિલિએ ધાય;**
**ના જાને કિસ રૂપમેં, નારાયણ મિલ જાય.**

તુલસીદાસજી શું કહે છે? આ સંસારમાં સૌને દોડીને મળવું. દોડીને મળવું એટલે એને ભેટી પડવું એમ નહીં. એની સાથે સન્માનથી વર્તવું. કેમ? 'ના જાને કિસ રૂપમેં નારાયણ મિલ જાય.' આપણને એ ક્યાં ખબર છે કે ક્યારે નારાયણ કયું સ્વરૂપ લઈને આવશે? ક્યારેક કોઈ રોગીનું સ્વરૂપ, ક્યારેક કોઈ સ્ત્રીનું સ્વરૂપ; એમ કયા સ્વરૂપે નારાયણ આવશે તેની આપણને ક્યાં ખબર છે. તેથી સૌને પ્રેમથી મળવું, પ્રેમથી નારાયણ કરવા. તો જ્યારે નારાયણ કોઈ બીજું રૂપ લઈને આવશે અને આપણને એવી ટેવ પડી ગઈ હશે કે દરેકને નારાયણ કરવા, 'જય નારાયણ' કહેવું; તો એ છૂપા વેશે આવેલા નારાયણને પણ અનાયાસે જ આપણાથી નારાયણ થઈ જશે. ટેવ હતી સૌને જય નારાયણ કરવાની, તેથી આપણે એમને પણ જય નારાયણ કરી નાખ્યા. તે વખતે આપણો બેડો પાર. અસ્તુ.

રામાયણનો એક સુંદર પ્રસંગ છે. લક્ષ્મણજીને મૂર્છા આવી ત્યારે મૂર્છા ઉતારવા માટે હનુમાનજીને જડીબુટ્ટી લેવા મોકલ્યા. એ જડીબુટ્ટી હનુમાનજીના હાથમાં ન આવે એટલા માટે રાવણે પોતાના સેવકો દ્વારા બધાં ઝાડ ઉપર જ્યોત પ્રગટાવી દીધી. આ જોઈ હનુમાનજી મૂંઝાયા. કારણકે એમને કહેવામાં આવેલું કે જે ઝાડ ઉપર જ્યોત દેખાય એ ઝાડ સંજીવની બુટ્ટીનું છે એમ સમજવું. એ ઝાડ ઉપરથી બુટ્ટી લઈને આવજો, જેનાથી લક્ષ્મણજીને સાજા કરી શકાય. પરંતુ બધાં ઝાડ ઉપર એકસરખી જ્યોત જોઈને તેઓ મૂંઝાયા. પરંતુ એ તો હતા હનુમાન!

**કૌનસો સંકટ મોર ગરીબકો, જો તુમસો નહીં જાત હૈ ટારો?**
**વેગી હરો હનુમાન મહાપ્રભુ, જો કછુ સંકટ હોય હમારો.**

જે પોતાના સેવકોનાં સંકટોને ટાળી નાખે તેને પોતાનાં સંકટ ટાળતાં વાર શી? તરત જ એમના ફળદ્રુપ

ભેજાએ સાથ આપ્યો કે "આમાં તો મને ખબર પડતી નથી કે મારે કયું ઝાડ લઈ જવું? પરંતુ મારામાં તાકાત ક્યાં નથી? મારા ગુરુદેવની કૃપાથી, મારા રામજીની આશિષથી મારામાં પ્રચંડ તાકાત છે! તેથી એક ઝાડ તો શું, આખા ડુંગરને ઉપાડી જાઉં!" આમ, આખા પર્વતને હાથ ઉપર ઉપાડી તેઓ લંકા લઈ આવ્યા. આપણે કઈ વાત કરતા હતા?

'કૃપા ભયી સબ ભેખકી, અંતરની ફળી આશિષ.' દરેક પ્રકારના, દરેક સંપ્રદાયના સાધુસંતોએ મારા ઉપર કૃપા કરી. ગુરુદેવની કૃપા તો મારા ઉપર હતી જ પણ તે કૃપા ક્યારે અને કેવી રીતે પ્રાપ્ત થઈ? ત્યાર પહેલાં તો દરેક સંપ્રદાયના સાધુસંતોને યોગ્ય સન્માન આપેલું, દરેક મનુષ્યને પ્રેમથી 'જય નારાયણ' કરેલા. તો આમ, ગુરુદેવને પ્રાપ્ત કરતાં પહેલાં પણ એ મનુષ્ય ઉમદા સ્વભાવનો, સાધક સ્વભાવનો હોય છે. ઘણા સમય પછી એ સાધકને, એ મુમુક્ષુ જીવને ગુરુની પ્રાપ્તિ થાય છે. ત્યાર પહેલાં પણ એ સાધક-મુમુક્ષુ દરેક સંતને, દરેક સાધુને નિર્મળતાથી નારાયણ કરતો હોય છે. તન, મન અને ધન; યથાશક્તિ-યથામતિ એ કુરબાન કરતો હોય છે. આવા નાના સમર્પણમાંથી જ મોટા સમર્પણનો એને મોકો મળે છે અને આગળ વધવાની તાલીમ મળે છે. ધીમે ધીમે એ સમર્પણ આગળ વધતું વધતું તેને ગુરુદેવની પ્રાપ્તિ સુધી પહોંચાડી દે છે.

'કૃપા ભયી સબ ભેખકી'. એ સૌના અંતરની કૃપા મારા ઉપર ઊતરી, એ સૌના અંતરની મારા ઉપર આશિષ વરસી તેથી મને ગુરુદેવની પ્રાપ્તિ થઈ અને ત્યારે જ હું સદ્‌ગુરુનાં ચરણોમાં બેસવાને યોગ્ય બની શક્યો. આપણે અવારનવાર એક દૃષ્ટાંત આપીએ છીએ. સોપારીને જો આપણે તોડવી હોય તો તેના ઉપર હથોડીનો એક ફટકો મારીએ; ન તૂટે તો બીજો ફટકો મારીએ; ન તૂટે તો ત્રીજો ફટકો મારીએ.... એમ હથોડીના ફટકા મારતા જઈએ ત્યારે દસમા ફટકે એ તૂટે. દસમા ફટકે એ તૂટી તો ગઈ પણ એમાં નવ ફટકાનો પણ ફાળો હતો; અને ત્યારે જ એ દસમા ફટકાએ તૂટી હતી. એમ સદ્‌ગુરુની પ્રાપ્તિમાં પણ જીવને અનેક સંતોનો સહારો મળેલો હોય છે. સાધકને અનેક સંતો, મહાત્માઓ, યોગીઓ, મહાપુરુષો, શ્રદ્ધેય પુરુષો, આચાર્યદેવો, ઇત્યાદિની અંતરની આશિષ મળેલી હોય છે. આ સૌની અંતરની કૃપા-આશિષ ક્યારે મળે છે? કે જ્યારે મનુષ્ય સાચો સાધક હોય, નિર્મળ હોય, ગુણ-ગ્રાહી હોય, બધાને દોડીને જયનારાયણ કરતો હોય. એના મનમાં એવો ડર ના હોય કે 'હું સાધુસંતોને મળવા જઈશ અને રખેને મારે તન, મન કે ધનથી ઘસાવું પડશે તો!' બુદ્ધિશાળી જીવ પોતાની બુદ્ધિનો ઉપયોગ આમ જ કરતો હોય છે કે સાધુસંતો પાસે જઈશું એટલે તેઓ વાતવાતમાં કંઈક માંગણી કરશે તો બધાની વચ્ચે મારાથી ના નહીં પડાય અને મારી નોટો વપરાઈ જશે, મારો સમય વેડફાઈ જશે. આમ વિચાર કરીને તે સાધુસંતો પાસે જતો નથી.

બુદ્ધિનો ઉપયોગ મનુષ્યજીવનની સાર્થકતા કરવામાં એ ના કરે પણ નોટોની સાર્થકતા કરવામાં કરે. એને ખ્યાલ ના આવે કે નોટો સાથે આવવાની નથી. એક અસાધ્ય રોગ થશે તોય નોટો કામમાં નથી આવવાની. નોટો તો કાગળિયાં છે. પંચમહાભૂતનો આવો સુંદર દેહ કે જેમાં આત્મા બિરાજી રહેલો છે એ પણ બળીને ભસ્મ થઈ જવાનો છે, તો એ કાગળિયાં અને એના ઉપર છાપેલી છાપો ક્યાં કામમાં આવવાની હતી? મનુષ્ય, બુદ્ધિનો આવો ઉપયોગ નથી કરતો. એ સાધુસંતો પાસે જતો જ નથી. ત્યારે સાધુસંતો પાસે કોણ જાય છે? એ કે જેનામાં જન્મથી જ ત્યાગ-વૈરાગ્યની ભાવના વસેલી છે, ત્યાગ-વૈરાગ્યની ભાવના જેનામાં રુંવાડે રુંવાડે વ્યાપેલી છે, એ સાધુસંતો પાસે પહોંચી જાય છે અને તેમની કરુણા મેળવતાં મેળવતાં એક દિવસ સદ્‌ગુરુને પ્રાપ્ત કરી લે છે. પછી બસ, ત્યાં વિરામ. પછી એને ભડક ના રહી, એની રખડપટ્ટી ગઈ, પછી એ એક ખીલે બંધાઈ ગયો. ત્યાં જ એનું સર્વસ્વ, ત્યાં જ એનો વિરામ, ત્યાં જ એનો ઉપરામ અને ત્યાં જ એની બુદ્ધિ આવીને અટકી ગઈ.

'દાસ સવો દંડવત્ કરે, સદ્‌ગુરુ ચરણ ઉપાસી.' પછી દાસ સવો દંડવત્ કરે છે. એની પાસે બીજું હતું પણ શું? બીજું બધું તો એણે ગુરુદેવને આપી દીધેલું. આ દંડવત્ કરવાપણું જ અથવા તો ગુરુમહિમાનાં ગાન કરવાનું જ એની પાસે બાકી રહ્યું હતું. વાણી ઇત્યાદિથી

ગુરુમહિમાનાં ગાન કર્યાં; આ રીતે સવજીદાસે ગુરુમહિમા ગાયો. અને પછી શું કહે છે? 'સદ્‌ગુરુ ચરણ ઉપાસી.' આ ગુરુમહિમા પણ હું ક્યારે ગાઈ શક્યો? ગુરુદેવનાં ચરણોમાં બેસીને, ગુરુદેવનાં ચરણોની ઉપાસના કરીને ગુરુમહિમાની રચના હું કરી શક્યો છું.

**સંવત ઓગણીસો એકાણું, ચૈત્ર વદી એકાદશી સોમવાર;**
**ગુરુમહિમા પૂરણ ભયો, સર્વ શાસ્ત્રનકો સાર.**

સંવત ૧૯૯૧, ચૈત્ર મહિનો, વદી એકાદશી ને સોમવાર. ભગવાનની લીલા તો જુઓ! આજે સોમવાર છે. એક મહિનાથી આપણે કેદારેશ્વરમાં છીએ. રોજે રોજ 'ગુરુમહિમા'ની સમજણ ટેપ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. તોપણ મુરત આવ્યું જ નહીં અને આજે સોમવારે જ આવ્યું. આ સોમવારની યાદ ક્યારે આવી? આ ગુરુમહિમામાં સોમવારની વાત આવી ત્યારે. વાહ! વાહ! આનું નામ જ ગુરુદેવની કૃપા, પરમાત્માની કૃપા! આનું નામ જ પરમ ગુરુદેવની કૃપા કે બરાબર સોમવારના દિવસે જ આપણે ગુરુમહિમાની સમજણની પૂર્ણાહુતિ કરી રહ્યા છીએ. ખરેખર ગુરુમહિમા પૂરો થાય? ગુરુમહિમા પૂરો થાય જ નહીં. પરંતુ આ એક વિરામચિહ્‌ન.

'સંવત ઓગણીસો એકાણું, ચૈત્રવદી એકાદશી સોમવાર.' આ લીટીને તાત્ત્વિક રીતે સમજવાનો પ્રયત્ન કરીએ:

ચૈત્ર માસ, વદી એકાદશી અને સોમવારનો એકીસાથે સુમેળ દર બાર વર્ષે એક વખત આવે છે એમ કહેવાય છે. દર બાર વર્ષે આવતા મહાકુંભ પર્વની ખૂબ મહત્તા ગણાય છે, તેવી જ રીતે ચૈત્ર વદી એકાદશી અને સોમવારે આવતા સુમેળના મહાપર્વની પણ ઓમ્‌પરિવારમાં ઘણી મહત્તા ગણાય છે. આ મહાપર્વને ઓમ્‌પરિવાર ખૂબ ધામધૂમથી ઊજવે છે.

ગુરુભક્ત સવજીદાસે ગુરુમહિમાની રચનાનો પદ્યમાં જે પ્રારંભ કર્યો હતો તે રચના ચૈત્ર વદી એકાદશી અને સોમવારે પૂર્ણ થઈ. આમ કહીને ગુરુમહિમાની રચનાને પૂર્ણ થવાનો સમય બતાવ્યો. પરંતુ આ લીટીને આ રીતે પણ ઘટાવી શકાય – ઘટાવવી જોઈએ.

હવે ચૈત્ર માસ, વદી પક્ષ, એકાદશી તિથિ અને સોમવારને છૂટાં પાડીને સમજીએ.

ચૈત્ર માસમાં તમામ વૃક્ષો પોતાનાં સઘળાં જૂનાં-પીળાં પાંદડાઓનો પરિત્યાગ કરીને લીલાં નવાં પાંદડાઓનું સ્વાગત કરવા માટે થનગનવા લાગે છે. ડાળીએ ડાળીએ કોર ફૂટીને ફળ આવવાની સાબિતી આપવા લાગે છે. થોડા સમયમાં કડવાં અને ખાટાં ફળો પણ મીઠાં-મધુરાં થવા લાગે છે. આમ ગુરુમહિમા ગાનારાઓએ ક્રમે ક્રમે ભ્રમયુક્ત જૂના-પીળા વિચારોમાંથી મુક્ત થઈને, ઈર્ષા-દ્વેષરૂપી ખટાશ-કડવાશને ત્યાગીને નવી વિચારધારાઓ અપનાવવાની છે કે જેના દ્વારા શાંતિમય મીઠાં ફળની પ્રાપ્તિ કરી શકાય. લીમડાના કોરની અને આંબાના મોરની આરોગ્ય-પ્રાપ્તિની બાબતમાં જબરદસ્ત વિશેષતા છે. આ બંને પણ નિત્ય નવી પ્રેરણાના સૂચક છે.

ચૈત્ર માસ પછી હવે વદ – વદી પક્ષને સમજીએ.

મહિનાના બે પક્ષ – વદ અને સુદ છે. વદ એટલે અંધારિયું અને સુદ એટલે અજવાળિયું. સુદની તુલનાએ વદની રાત્રિઓ અંધારાના કારણે ઓછા કોલાહલવાળી હોય છે. શાંત વાતાવરણમાં ધ્યાન-ધારણામાં શીઘ્ર સફળતા મળી શકે છે. કલ્યાણમાર્ગમાં આગળ વધવા માટે સ્થૂળ જગતને ભૂલવાનું છે. અંધારામાં અનાયાસે જ સ્થૂળ જગત અદશ્ય થઈ જાય છે. આંખો બંધ કરતાંની સાથે પણ સઘળે અંધારું દેખાય છે. ધ્યાનના પ્રારંભ કાળનો અભ્યાસ લગભગ બંધ આંખે કરવાનો હોય છે. આમ વદીનો અર્થ થયો – બાહ્ય સ્થૂળ જગતમાં અંધારું કરીને સૂક્ષ્મ અંતર્જગતમાં અજવાળું કરવું.

હવે એકાદશીનો અર્થ સમજીએ.

એકાદશીમાં બે શબ્દો છે – એક અને દશી અર્થાત્ દશ. પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને એક મન મળીને અગિયાર થયાં. ગુરુમહિમાનું ગાન કરનારનો આ અગિયારે ઉપર કાબૂ આવી જવો જોઈએ. જો આમ ના બને તો ગુરુમહિમા-ગાનનું અમૂલ્ય ફળ પ્રાપ્ત થયું ન ગણાય. આ અગિયારના કાબૂમાં આપણે હોઈએ તેનું જ નામ પતન અને એ આપણા કાબૂમાં હોય તેનું જ નામ ઉત્થાન. બાસુદી, રબડી, ગુલાબજાંબુ વગેરે ગરિષ્ટ પદાર્થો ઝાપટી-ઝાપટીને કરેલા ઉપવાસને

"એકાદશી કરી છે" એમ ન કહી શકાય. પરંતુ એ અગિયારે ઉપર કાબૂ કરીને અંતર્મુખ થવું તેને જ ખરી "એકાદશી કરી છે" એમ કહી શકાય.

હવે સોમવારને સમજીએ.

સોમ એટલે ચંદ્ર, ચંદ્ર એટલે શીતળતા અને શીતળતા એટલે વિનમ્રતા. વિનમ્ર બનવાનું છે. વિનમ્રતાનો સદ્ગુણ ના કેળવાયેલો હોવાના કારણે જીવનમાં ઘણી બધી સમસ્યાઓ અને વિટંબણાઓ ઊભી થતી હોય છે. ગુરુમહિમાનો ગાયક, ગુરુમહિમામાં પિરસાયેલા ગુરુજ્ઞાનરૂપી અમૃતનું પાન કરી-કરીને વિનમ્ર બનતો જાય છે. જેમ આંબાને ફળ આવે છે તેમ તેમ તે નીચો નમતો જાય છે. એ દિવસે દિવસે જાણતો જાય છે કે "જાના તો યહ જાના, ન જાના કુછ ભી." આમ ગુરુમહિમાનું સમજપૂર્વકનું નિત્ય ગાન કરનાર પણ તેમાં ધરબાયેલાં ગુરુજ્ઞાનનાં રહસ્યો સમજી-પામીને વિનમ્ર બનતો જાય છે; વિનમ્ર બનીને તેને વધુ ને વધુ સમજી શકવાને શક્તિમાન થતો જાય છે.

"ગુરુમહિમા પૂરણ ભયો, સર્વ શાસ્ત્રનકો સાર." અર્થાત્ સર્વ શાસ્ત્રનો સાર જેમાં આવી જાય છે તેવો ગુરુમહિમા ત્યારે પૂર્ણ થયો કહેવાય, ત્યારે તેનો પૂર્ણ લાભ લીધો કહેવાય કે જ્યારે તેને ઉપરોક્ત રીતે સમજીએ. અસ્તુ.

હવે સવજીદાસ, એમને જે કાંઈ ઊભરો આવ્યો હતો અને જે કાંઈ સ્ફુરણા થઈ હતી એને શબ્દો દ્વારા વ્યક્ત કરી વિરામ લઈ રહ્યા છે. બીજી સ્ફુરણાનો તો પાર નથી કારણકે આ તો ગુરુમહિમા છે. ગુરુમહિમાનો પાર ના આવે. શાબ્દિક રીતે ગુરુમહિમા અહીં પૂર્ણ થયો. "ગુરુમહિમા પૂરણ ભયો, સર્વ શાસ્ત્રનકો સાર." ઘણાં શાસ્ત્રો છે. એ તમામે તમામ શાસ્ત્રોનો નિચોડ-અર્ક-સાર એ આ ગુરુમહિમા. આપણે ત્રણ વખત ગુરુમહિમા બોલીએ છીએ એ કેવો છે? 'સર્વ શાસ્ત્રનકો સાર.' દરેકે દરેક શાસ્ત્રોનો સાર છે. કારણકે એમાં કેવી કેવી વાતો આવે છે એ તમે સૌએ આજ સુધી વાંચી-સાંભળી છે, તમે રોજેરોજ બોલો છો તેથી ખબર છે.

સર્વ શાસ્ત્રો ક્યાંથી આવ્યાં? એ શાસ્ત્રો કોણે રચ્યાં? ગુરુજનોએ તો એની રચના કરી છે. તો, શાસ્ત્રમાંથી જે કાંઈ શીખીએ છીએ, વાંચીએ છીએ, ગોખીએ છીએ, સમજીએ છીએ, એ પ્રમાણે વર્તીએ છીએ; એ બધું ગુરુદેવનું જ આપેલું હતું ને? જેમ "વ્યાસોચ્છિષ્ટમ્ જગતસર્વમ્" આખું જગત વેદવ્યાસનું એંઠું જ છે. તેમ આ જગ્યાએ આપણે જે કાંઈ સદ્સિદ્ધાંતો બોલી રહ્યા છીએ એ કોના છે? શાસ્ત્રના. અને શાસ્ત્ર કોનાં? ગુરુજનોનાં, સંતોનાં, આચાર્યોનાં. એમને અંતરમાં જે પ્રકાશ થયો એને એમણે અક્ષરોનું રૂપ આપ્યું. એ સ્ફુરણાને શબ્દનો દેહ આપ્યો અને કલમ દ્વારા પુસ્તકોમાં એનો ઉતારો કર્યો; એનું નામ શાસ્ત્ર. તેથી જે કાંઈ શાસ્ત્રમાં હતું એ પણ ગુરુદેવનો જ અર્ક હતો. તેથી ગુરુમહિમાને "સર્વ શાસ્ત્રન કો સાર" કહ્યો. અવધૂત શિરોમણી નિત્યાનંદજી કહેતા હતા કે "પુસ્તક ક્યા દેખતા હૈ? મસ્તક દેખ મસ્તક. સબ પુસ્તકેં મસ્તકમેંસે નિકલી હૈં."

ગુરુમહિમાની છેલ્લી લીટી છે –

**બ્રહ્મ અગ્નિથી બાળિયાં, ગૌહત્યાદિ પાપ;**
**કર્મકાષ્ટને બાળવા, સદ્ગુરુએ દીનો જાપ.**

ગુરુમહિમાની છેલ્લી બે લીટીઓ ખૂબ જ મહત્ત્વની છે, ખૂબ જ અગત્યની છે; જાણે ગાગરમાં સાગર.

ગૌહત્યા આદિ ચાર પ્રકારનાં પાપોને શાસ્ત્રોમાં મહાપાપો તરીકે ગણ્યાં છે. બીજાં લઘુ પાપો, સામાન્ય પાપો અનંત છે. મનુષ્યથી સામાન્ય પાપ થઈ જાય તો પુણ્ય, દાન, જપ, ધર્મ ઇત્યાદિ કરી એ પાપમાંથી મુક્ત થાય છે. પરંતુ ગૌહત્યા, બ્રહ્મહત્યા ઇત્યાદિ - જેની મહા પાપો તરીકેની ગણતરી શાસ્ત્રોમાં છે - એ મહાપાપો ઉપરોક્ત સત્કર્મોથી ધોવાતાં નથી. એને ધોવા માટે તો શાની જરૂર પડે છે? "બ્રહ્મ અગ્નિથી બાળિયાં, ગૌહત્યાદિ પાપ." ગૌહત્યાદિ પાપમાંથી મુક્ત થવા માટે તો બ્રહ્મઅગ્નિ પ્રગટ થવો જોઈએ. તો જ આ મહાપાપ એમાં બળીને ભસ્મ થઈ જાય.

બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ જાય ત્યારે મહાપાપોમાંથી પણ મનુષ્ય મુક્ત થઈ જાય છે. પછી એને કંઈ કરવાનું બાકી રહેતું નથી એમ અનુભવીઓ કહે છે. પણ ગુરુમહિમાની છેલ્લી બે લીટીમાં એથી કંઈક વધુ કહેવાનું

છે. એની બીજી લીટી શું કહી રહી છે? 'કર્મકાષ્ટને બાળવા સદ્‌ગુરુએ દીનો જાપ.' બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી મનુષ્ય-શરીર કંઈ છૂટી જતું નથી. આત્મ-સાક્ષાત્કાર, બ્રહ્મસાક્ષાત્કાર, પરમાત્મસાક્ષાત્કાર થયા પછી મનુષ્ય મરી જતો નથી. જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી એને જીવ્યે જવાનું હોય છે. જો શરીર જીવિત છે તો એને કંઈ ને કંઈ પોષણ તો આપવું જ પડશે. એને બે કપડાં અને બે રોટી આપવા માટે મનુષ્યે કાંઈ ને કાંઈ કર્મ કરતાં રહેવું પડશે. તો, રોજેરોજ જે કર્મ કરશે તેના કારણે મનુષ્યના હાથે સારું-નરસું થઈ જવાનું અને તેથી તેના કર્મ મુજબનું કર્માશય બંધાશે. બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ ગયા પછી પણ કર્મ થયા કરશે; એ કર્મરૂપી કાષ્ટનો ઢગલો થઈ જશે. તો, કર્મરૂપી કાષ્ટનો ઢગલો ના થાય અને એનું કર્માશય ના બંધાય; રોજેરોજ ભેગાં થતાં એ કર્મકાષ્ટને બાળી નાખવા માટે ગુરુદેવે શું સાધન આપ્યું? 'સદ્‌ગુરુએ દીનો જાપ.' સદ્‌ગુરુએ જાપ આપ્યો, મંત્ર આપ્યો. એ મંત્રનો શિષ્ય રોજેરોજ જાપ કરે છે, એનું ચિંતન-મનન કરે છે. ગુરુદેવના આપેલા મંત્રથી રોજેરોજનાં કર્મકાષ્ટ બળીને ભસ્મ થઈ જાય છે, એ કર્મનો જથ્થો જ ભેગો નથી થતો. આમ બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી પણ મનુષ્યે કોઈ ને કોઈ કાર્ય, સદ્‌ગુરુનું કાર્ય, સદ્‌ગુરુએ બતાવેલું સદ્‌ધર્મયુક્ત કાર્ય કર્યે જ રાખવું જોઈએ.

સદ્‌ગુરુએ જે મંત્ર આપેલો હોય એ મંત્રનો જાપ કરવો એટલી જ વાત કંઈ આમાં નથી. મંત્ર આપ્યો હોય તો મંત્રનો જાપ કરવાનો છે અને એ સિવાય જે કાંઈ જવાબદારી સોંપી હોય તેને પૂરી કરવાનો પ્રયત્ન કરવાનો છે. ગુરુદેવનો ઉપદેશ સાંભળી-સાંભળીને આપણે જાતે જ આપણી જે ફરજો નક્કી કરી લીધી હોય, જે જવાબદારી ઉપાડી લીધી હોય એનું નિત્ય નિયમિતરૂપે પાલન કરવું, એનું આચરણ કરવું એને પણ જાપ જ કહેવામાં આવે છે. 'જાપ' એટલે કાંઈ એક આસન ઉપર બેસી મંત્ર રટ્યે રાખવો એટલો મર્યાદિત અર્થ જ નથી. અહીં જાપનો ઘણો વિશાળ અર્થ છે. આમ, ગુરુમહિમાની બે લીટીઓનો ઉપસંહાર કરી નાખ્યો.

બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી પણ સાક્ષાત્કારી જીવે કોઈ ને કોઈ કર્તવ્ય-કર્મ કરવું જોઈએ અને તો જ એનાં રોજેરોજનાં જે કર્મો થતાં રહે, કર્મકાષ્ટ એકઠાં થતાં રહે એ બળી જાય.

તો આમ, ગુરુમહિમાની છેલ્લી બે લીટી આ કેદારેશ્વર ધામમાં સોમવારના દિવસે, રોહિતભાઈની હાજરીમાં – આપણા ગુરુધ્યાનભિક્ષુજીની હાજરીમાં પૂરી થઈ. અસ્તુ.

## આશીર્વચન

**સર્વ જલરાશિ સ્યાહી, કરું કલમ સર્વ વનરાઈ**
**સુરનરમુનિ સર્વ લખે ભલે, પણ ગુરુગુણ લખ્યા ન જાઈ**

પરમ ગુરુભક્ત શ્રી સવજીદાસ કૃત "ગુરુમહિમા" પદ્યમાં છે. તેનો એક એક શબ્દ ગુરુનિષ્ઠારસથી તરબોળ છે, યોગરહસ્યથી ભરપૂર છે અને પરમતત્ત્વની ગુરુગોપનીયતાથી લદાયેલો છે. ગુરુ શબ્દનો અર્થ કેટલો વ્યાપક છે તે સમજાવવાનો પણ આમાં પ્રશંસનીય પ્રયત્ન થયેલો છે. ક્યાંક 'ગુરુ' શબ્દથી આધ્યાત્મિક મહામાનવનો અર્થ લીધો છે; તો ક્યાંક લોકકલ્યાણવૃત્તિ માનવ-મંડળનો અર્થ ઘટાવ્યો છે; તો વળી ક્યાંક સર્વવ્યાપક પરમતત્ત્વને સંબોધ્યું છે.

ઓમ્‌પરિવારના દરેક ધાર્મિક-માંગલિક પ્રસંગોનો શુભારંભ એ 'ગુરુમહિમા' અને 'ગુરુઆરતી'થી કરવાનો નિયમ છે. તેથી ઓમ્‌પરિવારના સર્વે ગુરુપ્રેમીઓ એનાથી સુપરિચિત અને તેના અતિ પ્રેમી છે. તેઓ સૌ 'ગુરુમહિમા'નું પરમ કલ્યાણકારક ગુહ્ય રહસ્ય અને તેની ખૂબીઓ તથા તેની બધી જ વિશેષતાઓ સમજવા ઇચ્છતા હતા. સર્વ ગુરુપ્રેમીઓને વધુમાં વધુ સમજમાં આવે એવી રીતે સમજાવવાની જરૂરત જણાયાથી તેઓ અમને ઘણા સમયથી સવિનય આગ્રહ કરતા હતા. અમને પણ અમારી શક્તિ-ભક્તિ-મતિ અનુસાર એ સમજાવવામાં અતિ રસ, પ્રેમ અને ઉત્સાહ હતો. પરંતુ પરમ ગુરુમહારાજની

પાવની કૃપા વિના એ ક્યાંથી સંભવે? તેથી અમે વાયદા કર્યે જતા હતા. આખરે એ વાયદાઓનો અંત આવ્યો. પરમ ગુરુમહારાજની પ્રેરણાને અમારા ગજા અનુસાર ઝીલીને ગુરુમહિમાને સમજાવવાનો, સમજાવીને નિજાનંદ પ્રાપ્ત કરવાનો અમે પ્રયત્ન શરૂ કર્યો. એ પ્રયત્નનું ગ્રંથાકાર રૂપ એનું જ નામ 'ગુરુમહિમા'.

ત્રણ-ચાર વર્ષ પહેલાં અમે અનુષ્ઠાન અર્થે ગળતેશ્વર મહાદેવના પવિત્ર ધામમાં (ડાકોર પાસે) બે મહિના મુકામ રાખેલો. એ વખતે શ્રી રોહિતભાઈ ગોટાવાળા (શ્રી ગુરુધ્યાનભિક્ષુ - ડાકોર) તન-મન-ધનથી અમને સગવડતાઓ કરી આપીને અમને આનંદ પ્રાપ્ત કરાવવાના પ્રયત્નો કરતા હતા. એ વખતે ગળતેશ્વર મહાદેવના પવિત્ર ધામમાં, અમારા પોતાના આનંદ માટે અમે ગુરુમહિમા પદ્ય ઉપર જે કાંઈ બોલતા તે તેઓ ટેપ કરી લેતા. ક્યારેક તો વક્તા (અમે) અને શ્રોતા (ગુરુધ્યાનભિક્ષુ) બોલવામાં અને સાંભળવામાં એટલા તદ્રૂપ-તલ્લીન થઈ જતા કે ટેપરેકોર્ડરની કેસેટ ક્યારે પૂરી થઈ ગઈ એનું પણ ભાન રહેતું નહીં!

પવિત્ર શ્રાવણ માસ હોય, ઝરમર-ઝરમર વરસાદ વરસતો હોય; ગળતેશ્વરદાદાની આરતીનો મંદ મધુર ધ્વનિ સંભળાતો હોય, આજુબાજુમાંથી સાધુસંતોના મુખે ગવાતાં ભજનોની કોઈ કોઈ લીટીઓ હવામાં લહેરાતી જતી હોય; એક બાજુ કલકલ કરતી ગળતી નદી મહીસાગરને મળવા હરણફાળ ભરતી હોય – તે સત્ત્વભાવોદ્રેક દૃશ્ય દેખાતું હોય અને બીજી બાજુ મહીસાગર, મહાદેવના સાક્ષાત્ રૌદ્રરૂપનું દર્શન કરાવતો હોય; તથા વગડાનાં વનપંખીઓના કર્ણમધુર ચહચહાટ અને ટહુકારના ધ્વનિ આવ્યે જતા હોય; એ બધું તો આ ગુરુમહિમા ગ્રંથના વાચકોને કઈ રીતે અનુભવાવી શકાય? એ આસ્વાદ આનંદ તો સ્વસંવેદ્ય છે. આ રીતે અહીં અડધો ગુરુમહિમા ટેપ થઈ શક્યો.

ત્યારપછી અમે કેદારેશ્વર મહાદેવના (તા. કપડવંજ) ધામમાં ચાતુર્માસ રહેલા. ત્યાં પણ ચારેય મહિના ભરચક આધ્યાત્મિક પ્રવૃત્તિ થતી રહી. ત્યાં પણ શ્રી ગુરુધ્યાનભિક્ષુજીના અથક પ્રયત્ન-સહકારથી બાકી રહેલો અડધો ગુરુમહિમા તથા બંને ગુરુઆરતી ઉપર અપાયેલી સમજણ ટેપ થઈ શક્યાં.

કેદારેશ્વર મહાદેવના પવિત્ર તીર્થધામનું વર્ણન કાંઈ કલમ કરી શકે? શું ત્યાંની વનશ્રી! બારે માસ અને ચોવીસે કલાક વહેતાં કેવાં શીતળ-મધુર ઝરણાંઓ! પ્રાતઃકાળમાં વનપંખીઓ તો જાણે તુંબરુ ઋષિ ગંધર્વોની સેના સાથે ઊતરી આવ્યા હોય એવો ખ્યાલ આપતાં! ટૂંકમાં, એથી જ અમે એ ધામ માટે 'ગુજરાતનું કાશ્મીર' એવો શબ્દ વાપરેલો.

કેદારેશ્વરના નિવાસ દરમ્યાન "પાતંજલ યોગદર્શન" ઉપર ઘણો બધો વાર્તાલાપ થયેલો. એ પણ ટેપ કરી લેવામાં આવેલો છે, જે સ્વતંત્ર પુસ્તકરૂપે પ્રકાશિત કરવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. નિજાનંદ માટે અમારાથી જે કાંઈ બોલી જવાય છે તેમાંનું અમુક અમુક પ્રેમીજનો-પરિજનો દ્વારા અવારનવાર લખી લેવામાં આવે છે. જિજ્ઞાસુઓના આગ્રહવશ એમાંનાં થોડાં વચનો-પ્રવચનોનો પણ ગુરુમહિમામાં સમાવેશ કરેલો છે.

'ગુરુમહિમા' પુસ્તકને પ્રકાશિત કરવામાં ગુરુપંથાવલંબી અનેક ભાઈબહેનોનો સીધો-આડકતરો સહકાર રહ્યો છે. ગુરુમહિમાની કેસેટો ઉપરથી એને લખી લેવાનું અતિ કંટાળાભરેલું અને અતિ ધૈર્ય અને ખંત માંગી લેતું કાર્ય, જો ગુરુભક્ત શ્રી ભરતભાઈ દેસાઈએ ન કર્યું હોત તો આ 'ગુરુમહિમા' ગ્રંથ ન જાણે ક્યારે પ્રકાશિત થઈ શકત? ગળતેશ્વરનિવાસ દરમ્યાન ઠાસરાવાળાં શ્રી નીમુબેન, હર્ષાબેન, હીનાબેન તથા શ્રી અજયભાઈએ સેવાનો સારો લાભ લીધેલો અને ધર્મશાળાવાળા શ્રી રતિલાલભાઈ શાહે તથા શ્રી સ્વરૂપસિંગભાઈએ સારો સહકાર આપેલો. અને કેદારેશ્વરનિવાસ દરમ્યાન શ્રી ઉષાબેને સેવાનો પૂર્ણ લાભ લીધેલો અને "ભાગીરથી શેઠ શ્રી ચંદુલાલ માધવલાલનાં ધર્મપત્ની આરોગ્ય ભુવન" તથા તેના વ્યવસ્થાપક શ્રી ભાઈલાલભાઈ તરફથી સારો સહકાર સાંપડેલો. તેલનાર ગામના ધર્મપ્રેમીઓએ પણ સહકારમાં સૂર પુરાવેલો.

સર્વે, પરમ ગુરુમહારાજ ઓમ્‌નારાયણની અહૈતુકી કૃપાનો અનુભવ કરો એવી પ્રાર્થના.

હરહંમેશ ગુરુમહિમાગાન કરવાના નિયમવાળા ગુરુભક્તોને આ 'ગુરુમહિમા' ગ્રંથ વાંચ્યા પછી, હવે એનું ગાન કરતી વખતે નવી દૃષ્ટિ અને દિશાઓ અવશ્ય પ્રાપ્ત થશે એવી અમને આશા છે. અસ્તુ.

ગુરુમહિમાનો ગ્રંથ (પ્રથમ આવૃત્તિ) તા. ૧૭-૭-૧૯૮૧ (ગુરુપૂર્ણિમા)ના દિવસે પ્રગટ થયેલો. ગ્રંથની બીજી આવૃત્તિ તા. ૩-૭-૧૯૯૩ (ગુરુપૂર્ણિમા)ના દિવસે પ્રગટ થયેલી. આટલાં વર્ષો પછી 'ઋતમ્ભરા' સામયિકના માધ્યમ દ્વારા આ ગ્રંથ આપ સૌ વાચકો સમક્ષ ક્રમશઃ રજૂ થયો તેથી આપ સૌને પણ ગુરુતત્ત્વ વિષેનું આધ્યાત્મિક જ્ઞાન પ્રગટ થયું હશે એવી અમને આશા છે.

સત્ય-ગુરુ દેવની જય, ધર્મ-ગુરુ દેવની જય.

આવતા અંકથી ગુરુઆરતીની તાત્ત્વિક સમજ રજૂ કરીશું. ("ગુરુમહિમા" પુસ્તકમાંથી સાભાર) (ક્રમશઃ)

## વિજ્ઞાનીઓ, જિવાડવા કરતાં મારવાની શોધ વધુ કરી શક્યા છે!

— યોગભિક્ષુ

બચપણના સ્મૃતિ-ભંડારની સામગ્રી ખંખોળતાં એક સ્મૃતિ તાજી થાય છે; હમઉમ્ર છોકરાઓ બીજા એક છોકરાને "મકોડામાર" કહીને ખીજવતા. કારણકે તે, મકોડો દેખે કે તુરત તેને મારી નાખતો. એના મનથી આ એક રમત હતી. એને તો મકોડાને રહેંસી નાખવામાં એટલો આનંદ આવતો કે તે, પોતાને સૌ "મકોડામાર" કહે છે, મકોડામાર કહીને બદનામ કરે છે, તે બધાંથી બેપરવા રહેતો. એ વખતે બાળબુદ્ધિ હોવા છતાંય તેના આવા નિષ્ઠુર કૃત્યથી અમને ખૂબ આશ્ચર્ય થતું અને મન ખૂબ દુભાતું. વારંવાર સ્વગત પ્રશ્નપરંપરા ચાલતી કે નિર્દોષ મકોડાને તે શા માટે મારતો હશે? એ વખતની તુલનામાં અત્યારની સાઈઠ-બાસઠ વરસની ઉંમરની બુદ્ધિની તુલના કરતાં બુદ્ધિ પરિપક્વ કહેવાય, પણ તોય તેનો જવાબ હજુ નથી મળ્યો. ઉપરથી એવા જ બીજા અનેક પ્રશ્નો ઊભા થયા છે!

બચપણમાં ફક્ત મકોડામારની ખબર પડતી હતી પણ અત્યારે તો એવા અનેક પ્રકારના "માર-મારો"ની ખબર પડી! કોઈ માછલામાર તો કોઈ મરઘામાર, કોઈ ગાયમાર તો કોઈ ભેંસમાર, કોઈ સાપમાર તો કોઈ બાપમાર, કોઈ ટર્કીમાર (અમેરિકનો) તો કોઈ બકરીમાર! ચારે બાજુ બસ માર, માર ને માર! ક્યાંય જિવાડ નહિ. સૌએ પોતે જીવવું છે અને બીજાંને મારવા છે! મારનાર એવી ભ્રમણામાં બીજાંને મારે છે કે "આપણે જીવવા માટે બીજાને મારવા પડશે!" અને આ ભ્રમણા જો દરેક મનુષ્યમાં પેસી જાય તો જગતમાં કોઈનું અસ્તિત્વ રહી શકે? પહેલાં તો એમ કહેવાતું કે મારનાર કરતાં જિવાડનાર હજાર હાથવાળો છે પણ વર્તમાન પરિસ્થિતિ જોતાં એમ કહેવાનું મન થાય કે જિવાડનાર કરતાં મારનાર હજાર હાથવાળો છે!

એક સાપે દેડકો પકડ્યો. દેડકાનો મુખનો ભાગ જ બહાર છે, બાકીનો બધો ભાગ સાપના મોઢામાં છે. હવે સાપ ફક્ત એક જ સિસકારો લે એટલે દેડકાભાઈ સાપના પેટમાં સ્વાહા થઈ જવાના છે બીચારા. પણ તોય "લખણ ન બદલે લાખા"ની જેમ દેડકો પોતાનો સ્વભાવ છોડી શકતો નથી, તેના મુખ પાસેથી માખી પસાર થાય છે તો તે તેને પકડવા મુખ પહોળું કરે છે! માખી તો તેના ઝપટમાં આવતી નથી પરંતુ એ જ વખતે સાપ સિસકારો કરે છે અને દેડકાનું મોઢું બંધ અને તે સીધો સાપના પેટમાં!

દેડકાનું આ દૃષ્ટાંત આપણને આશ્ચર્યમાં મૂકી દે છે! પરંતુ મનુષ્યનું દૃષ્ટાંત પણ કમ આશ્ચર્યજનક નથી!

એક ડોસાબાપા સાવ પરવશ થઈને ખાટલામાં પડ્યા છે, પણ તોય સ્વભાવ છૂટતો નથી. તેમના શરીરની આસપાસ કોઈ મચ્છર કે માખી ઊડતી આવે છે તો ડોહાબાપા તેના ઉપર તરાપ મારે છે, બે હાથથી તાલી પાડીને બે હથેળીઓમાં તેને મસળી નાખવા માંગે છે. અમથા તો હાથેય ઊંચો કરી શકતા નથી પરંતુ માખી-મચ્છરને જુએ છે ને તેમનામાં તેને મારી નાખવાની શક્તિ પ્રગટે છે! પણ માખી મચ્છર તેમના ઝપાટામાં આવતાં નથી. અને કદાચ ક્યારેક ઝપાટામાં આવી જાય તેથી કાંઈ બીજાં નહિ બેસે? માખી-મચ્છર દૂર રાખવા માટે તો એક

કપડાનો ટુકડો આઘો-પાછો હલાવે એટલે તે ન આવે, સાવ સહેલો ઉપાય છે તેને દૂર રાખવાનો. પણ ડોહાબાપા તો તેને પતાવી દેવા જ માંગે છે! કદાચ બે હાથ વચ્ચે તે આવી જાય તો તેનો ગુંદો થઈ જવાનો. એ બધી ચેપી ગંદકી હાથમાં ચોંટવાની. એ હાથ પોતાના ધોતિયા સાથે ઘસીને જ સાફ કરવાના! એ હાથથી જ જમવાનું! અને પછી કાયમ માંદા રહેવાનું. ખાટલામાં પડ્યા, મરવાની તૈયારી થઈ પણ તોય મનમાંથી "માર" ન ગયું! તુલસી તીનોં ના ગયે ધાર, માર, આકાર! અસ્તુ.

વિજ્ઞાને શોધો દ્વારા અનંત જીવોને એકી સાથે અતિ અલ્પ સમયમાં મારી નાખવાની યુક્તિઓ શોધી પણ તોય જીવો તો એટલા જ છે. આખાં ગામનાં ગામ ઢાંકી દે એટલાં તીડ જ્યારે ઊતરી પડે છે ત્યારે કુદરતની શક્તિની ખબર પડે છે અને મનુષ્યની પામરતા અને લાચારીની પ્રતીતિ થાય છે.

વિજ્ઞાનીઓ, જિવાડવા કરતાં મારવાની શોધ વધુ કરી શક્યા છે. ભૌતિક વિજ્ઞાને જે શોધો કરી તેનાથી લાભ અતિ અલ્પ થયો પણ નુકશાન ઘણું મોટું થયું અને અત્યારે જે શોધો લાભદાયક લાગે છે તે ક્યારે નુકસાનકારક સાબિત થાય તે પણ કાંઈ કહી શકાય તેમ નથી.

આધુનિક શિક્ષણે ભૌતિક વિજ્ઞાન તો ખૂબ શીખવ્યું પણ તે આધ્યાત્મિક વિજ્ઞાન શીખવવાનું સાવ ચૂકી ગયું. "બીજાને દુઃખી કરીશું અને મારીશું તો આપણે પણ દુઃખી થઈશું અને કમોતે મરીશું" એવા કર્મના નિયમથી અજ્ઞાત રહેવાના કારણે મનુષ્ય નિર્ભયપણે બેફામ રીતે હિંસા કરતો રહ્યો અને પછી પોતે પણ હિંસાનો શિકાર થતો રહ્યો. હું તને મારું, તું બીજાને માર્ય અને બીજો મને મારે આ ક્રમનો ચાકડો ચક્કરે ચડતો રહ્યો અને એનું ચરમ બિન્દુ ઠેઠ પરમ સીમાએ પહોંચી ગયું તોય આપણે તો બેદરકાર જ રહ્યા!

માર(વાસના), કાળ(ક્રોધ) અને હુંકારને મારવાના બદલે સૌએ જીવોને મારવા માંડ્યા! અને તે માત્ર મોજ-શોખ અને જીભના ચટાકા માટે! આહાર તેવો ઓડકાર અત્યારે ચારે બાજુ દેખાઈ રહ્યો છે. અત્યારની પ્રજા પોતાનાં જ માતા-પિતાને મારવા-ખાવા-કનડવા તૈયાર થઈ ગઈ છે! છતાંય બુદ્ધિના બૂંઠાઓને એટલી ખબર નથી પડતી કે આ બધાં શાનાં પરિણામ છે! બુદ્ધિનો બૂંઠો હોય છે તે હિંસા કરે છે તેમ કહેવાને બદલે જે હિંસા કરે છે તે બુદ્ધિનો બૂંઠો છે -- તે બુદ્ધિનો બૂંઠો થઈ જાય છે તેમ કહેવું વધુ યથાર્થ છે. હિંસાનું પાપ હિંસકને વધુ ને વધુ મંદબુદ્ધિ બનાવતું જાય છે. અને તેથી છેવટે તે પોતે પણ હિંસાની જ આહુતિ બને છે.

હિંસાની ઉપરોક્ત વાતો તો સૌ સમજી શકે તેવી સીધીસાદી છે. પરંતુ હિંસા-અહિંસાની અતિ સૂક્ષ્મ વાતો, અતિ સૂક્ષ્મ વ્યાખ્યાઓ સમજવાનો અને તેનો [illegible] કરવાનો પ્રયત્ન થવો ઘટે. તેને માટેનો યોગ્ય અને ઉત્તમ સમય ગણાય ઉત્તમ તહેવારો. આ રીતે જ પવિત્ર તહેવારોની પવિત્રતાને સાર્થક-સફળ કરવી ઘટે. અહીં એવી થોડી સૂક્ષ્મ વાતો પણ આલેખીએ :

સ્થૂળ કે સૂક્ષ્મ રીતે કોઈને પણ દુઃખ આપવું તેને હિંસા કહે છે. અને હિંસા માત્ર ખરાબ ગણાય છે.

"કોઈને પણ દુઃખ આપવું" એ શબ્દોમાં આપણે પોતે પણ આવી ગયા કે નહિ? જો હા, તો આપણાથી આપણને પોતાને પણ દુઃખી કરી શકાય? અનેક પ્રકારનાં તપો તપીને મનુષ્ય-સાધક મરજિયાતપણે પણ દુઃખો, મહાકષ્ટો વેઠે તે હિંસામાં કેમ ન ગણાય? અને જો તે હિંસામાં ગણાય તો શા માટે કોઈએ મરજિયાત પણ કષ્ટો વેઠવાં જોઈએ? તો તો તપ કરનારા અને એ તપનાં વખાણ કરનારા પણ હિંસક જ ગણાય. "હું મારી કાયાને કષ્ટ આપવા માટે સ્વતંત્ર છું." એમ જો કહીએ તો તુરત જ એ પ્રશ્ન થાય કે કાયા તારી કઈ રીતે? શરીર તો રાષ્ટ્રનું છે. રાષ્ટ્રની એ અમૂલ્ય નિધિને સ્વચ્છંદ રીતે કષ્ટ વેઠાવીને વેડફી નાખવાનો કોઈને અધિકાર નથી. રાષ્ટ્રનાં ઝાડ-પાનની પણ રક્ષામાં માનનારાએ, રાષ્ટ્રની શરીરરૂપી અણમોલ સંપત્તિના જતન તરફ દુર્લક્ષ સેવાય જ કેમ?

ઉપરોક્ત પ્રકારના ઘણા પ્રશ્નો ઘણાને થતા હશે પણ પૂછવા કોને? પૂછવાથી વળી નાસ્તિકમાં ગણાઈ જવાનો ડર! આવો ડર રાખવો એ પણ સૂક્ષ્મ હિંસાનું જ સ્વરૂપ થયું ને? અને આવા પ્રશ્નોનો સાચો ઉત્તર આપવામાં પણ બાંધછોડ કરીએ તો તે પણ હિંસાનું જ વાવેતર કરી રહ્યા છીએ ને?

વર્ષભર ભલે આવા સૂક્ષ્મ વિચારો ન કરીએ પરંતુ પવિત્ર તહેવારોના દિવસોના સમયનો તો સદ્‌ઉપયોગ

આવા સંશોધનાત્મક વિચારોના આદાન-પ્રદાનમાં જ કરીએ. ચીલાચાલુ કર્મકાંડોથી ઉપર નીકળી જવાની તમન્નાવાળાઓએ, સદ્‌વિચારોના અનુષ્ઠાન અને સૂક્ષ્મ વિચારોના આદાન-પ્રદાન કરવા માટે જ મહાપર્વોની સ્થાપના થઈ છે. હિંસા-અહિંસાની સૂક્ષ્માતિસૂક્ષ્મ વ્યાખ્યા કરતી અને સમજતી વખતે અને તેને તર્ક-વિતર્કોના સૂક્ષ્મ ત્રાજવામાં તોલતી વખતે દેશ, કાળ અને પરિસ્થિતિની સીમા-મર્યાદાને પણ ન વીસરીએ.

"આપણી મૌલિક રજૂઆતોને જ કોઈ હિંસાત્મક કહેશે તો!?" એવા હિંસાત્મક ભયથી પર થયા સિવાય મૌલિક ગુપ્ત રહસ્યો રજૂ નહિ કરી શકાય.

સર્વ પર્વમાં કર્મ ખપાવવા કમર કસીએ. પૂર્ણપણે કર્મક્ષય થવાથી અનાયાસે જ હિંસા-અહિંસાથી પર થઈ જવાશે.

# છે કોઈ એવો લાલ માઈનો?

**– યોગભિક્ષુ**

પ્રથમ તો એ વિચારવું ઘટે કે વેર, ઈર્ષા, દ્વેષ, બદલો વગેરેની ભાવના વૃત્તિમાં ઠલવાય છે ક્યાંથી? તેનું ઉદ્‌ભવસ્થાન ક્યાં છે? તેનું અસલ કારણ શું છે? તેનું બીજારોપણ ક્યાંથી થાય છે? જો બીજ જ વાવવામાં ન આવે તો? મૂલો નાસ્તિ કુતઃ શાખા? પરંતુ ભોગવિલાસમાં રચીપચી રહેલી સ્થૂળ બુદ્ધિ અશાંતિના બીજારોપણરૂપી મૂળ કારણને પકડી શકતી નથી અને તેથી ઘાણીના બળદની જેમ ગોળ-ગોળ ચક્કર મારીમારીને હતી ત્યાંની ત્યાં જ.

માત્ર, ભોગ, વિલાસ, સ્વાદ, પ્રયોગ, પ્રદર્શન, મનોરંજન વગેરે માટે તથા એવા અનંત પ્રકારે, અનંત પ્રકારના, અનંત નિર્દોષ અને નિરપરાધ જીવોની હિંસા વિશ્વમાં આચરાઈ રહી છે. એ બધા જિજીવિષાયુક્ત (જીવવાની ઈચ્છાવાળા) જીવોનો અકાળે સંહાર કરી નંખાય ત્યારે તેમની જિજીવિષાનું શું થાય? તેમની જીવવાની તીવ્ર લાલસા ક્યાં જાય? એ કેવી રીતે શાંત થાય? એ કેવી રીતે બદલો લે?

**તુલસી હાય ગરીબકી, કબહુ ન ખાલી જાય;**
**મૂએ ઢોર કે ચામસે, લોહા ભસ્મ હો જાય!**

અકાળે સંહાર કરાયેલ જીવની-જીવોની તીવ્રતમ વિરાટ/વિશાળ લાલસા કલ્પનાતીત સૂક્ષ્મ રૂપ ધારણ કરીને સમષ્ટિના વિરાટ આકાશમાં ઘુમરાતી રહે છે. અમુક સમય સુધી આ પ્રમાણે ઘુમરાયા પછી તે સમષ્ટિ-પ્રાણ-વિદ્યુતના સંપર્કમાં આવીને, વધુ સૂક્ષ્મ થઈને, પ્રાણ-વિદ્યુત સાથે ભળી-મળીને તદ્રૂપ જેવી થઈ જાય છે. વ્યષ્ટિ (વ્યક્તિ), શ્વાસોશ્વાસની ક્રિયા કરતી વખતે તે જ સમષ્ટિ-પ્રાણ-વિદ્યુતને ગ્રહણ કરે છે કે જેમાં અકાળે સંહાર કરાયેલ જીવોની લાલસા ભળેલી હોય છે. આ રીતે આ લાલસા રુધિરમાં પ્રવેશીને, વૃત્તિરૂપ થઈને અને પછી મગજને ઉશ્કેરીને વેર, ઈર્ષા, દ્વેષ, બદલાની ભાવના વગેરેને ઉત્પન્ન કરે-કરાવે છે. અને બદલાની આવી ભાવનાથી પ્રેરાઈને તે લાલસા, પોતાના પૂર્વના સંહારકને સંહારીને જ, પ્રતિશોધ લઈને જ જંપે છે - શમે છે - લય પામે છે. આમ છતાં જે બચી રહે છે તેનો કાળાંતરે એટલો મોટો જથ્થો એકઠો થાય છે કે તે પ્રલય કરાવીને પછી જ શાંત થાય છે. વિશ્વમહાપ્રલયના પ્રેરક બળ તરીકે પણ તે અમુક અંશે કારણભૂત છે.

આ બધાં અતિ ગુપ્ત રહસ્યો વિશ્વના વિજ્ઞાનીઓ માટે એક આહ્‌વાન, એક કોયડો, એક નૂતનતમ વિચાર-સરણીનાં અને નૂતનતમ દિશાઓનાં ઉદ્‌ઘાટક બની રહે તો નવાઈ નહિ. જો કે સ્થૂળ વિજ્ઞાનની એક સીમા હોય છે. મનોવિજ્ઞાન વધુ સૂક્ષ્મ છે અને આત્મવિજ્ઞાન તેનાથી પણ વધુ સૂક્ષ્મ.

કોઈને ગાળ દઈએ કે થપ્પડ મારીએ તો તે આપણને સામી ગાળ દઈને કે થપ્પડ મારીને પછી જ શાંત થાય છે. પણ તે જો અસમર્થ હોય તો બદલો લેવા માટેની અનુકૂળતાની રાહ જુવે છે. અનુકૂળતા મળતાં જ તે બદલો લઈને પોતાની આગને શાંત કરે છે. કોઈ પણ પ્રકારે પોતાના વૈરાગ્નિને શાંત કરવાની સગવડની બક્ષિશ માત્ર મનુષ્યજીવને એકલાને જ નહિ પરંતુ દરેકેદરેક જીવને પ્રાપ્ત થયેલી છે. જો એવી સગવડ સર્વ જીવોને ન મળી

હોય તો બ્રહ્માંડનું સમતોલન ડામાડોળ થઈ જાય.

ઓચિંતાં જ મહાયુદ્ધો, મહામારીઓ કે ભયંકર બળવાઓ ફાટી નીકળે છે તેનું પ્રેરક બળ પણ ઉપર કહ્યું તે જ છે. જે ક્રમથી જીવહિંસા થઈ હોય છે તે ક્રમથી જ ઉપરોક્ત દુઃખો-ત્રાસો જગત ઉપર ત્રાટકે છે અને આ રીતે જમા-ઉધારનાં બંને પાસાં સરખાં થયે જતાં હોય છે. અસ્તુ.

અનેક અખતરાઓ પછી એ નિર્ણય પર આવી શકાયું છે કે જે જંતુઓ પહેલાં સૌમ્ય દવાઓથી પણ નાશ થઈ જતાં હતાં તે હવે ઉગ્ર દવાઓને પણ ગાંઠતાં નથી. જેમ જેમ ઉગ્ર દવાઓનો ઉપયોગ થતો જાય છે તેમ તેમ જીવજંતુઓ પણ વધુ સહનશીલ થતાં જાય છે! એમ જ થાય. જિજીવિષાનો નાશ કોઈથી કદાપિ થવાનો જ નહિ. જિજીવિષાના નાશનો સંકલ્પ કરનાર પોતાના સર્વનાશને નોતરશે. અસ્તુ.

હિંસાને નાથવા માટે ઉપરોક્ત સર્વ રહસ્યોનો વિસ્ફોટ કરવો પડશે, હિંસાથી ઉત્પન્ન થનારાં રૌરવ નર્કનાં ભીષણ-ભેંકાર દુઃખો-ત્રાસો વર્તમાન શરીરમાં જ ભોગવવાં પડશે તેનો સાદૃશ્ય ચિતાર, વિશ્વસમસ્ત સમક્ષ સતત ચીતરતા રહેવું પડશે. હિંસા માટે બોમ્બ-વિસ્ફોટ કરનારાઓ કરતાં સોમા ભાગનો પણ વિસ્ફોટ આપણે હિંસાને નાથનારા સાહિત્ય-સામગ્રીના પ્રચાર-પ્રસાર માટે કર્યો છે? આવી લેખ-સામગ્રીનો વિશ્વની તમામ ભાષાઓમાં અનુવાદ કરી-કરાવી-છાપીને વિશ્વના એકેએક મનુષ્ય સુધી આ જાણકારીને પહોંચતી કરવાનો પ્રયત્ન કરવો ઘટે. આમાંનું આપણે શું કરી શક્યા છીએ? આપણે તો –

યેનકેન પ્રકારેણ ફંડફાળો માંગી-ભીખીને નોટોના ગંજ તો ખડકી દીધા પરંતુ તેમાંથી આવી સામગ્રીના પ્રચાર અર્થે કેટલા ખર્ચ્યા? તે બધી લક્ષ્મી બંધિયાર વાતાવરણમાં ગંધાતી પડી પડી કરુણ પોકાર કરીકરીને કહી રહી છે - પૂછી રહી છે કે "ઓ અહિંસાના પૂજારીઓ, પ્રેમીઓ, પ્રચારકો, સમર્થકો, હમદર્દો! તમો સૌ પશુ-જીવ-હિંસા તો નાથો ત્યારે ખરા, પણ અમને બંધનરૂપી હિંસામાંથી મુક્ત કરીને-કરાવીને તમારા અહિંસા મહાવ્રતનું પાલન ક્યારે કરશો? અમારા ગળામાં પડેલા ગળાચીપ ગાળિયાને ક્યારે કાપશો-કાઢશો?"

**"છે કોઈ એવો લાલ માઈનો? સદ્વ્યય કરે જે પાઈએ પાઈનો!**
**અમને જો ખર્ચે હિંસા નાથવા, તો અમે સદાય તેના સાથમાં;**
**બીડું ઝડપે ને કરે જે મોઢું લાલ, તે લાલના ચૂમીશું અમે ગાલ!"**

મા લક્ષ્મી, તિજોરીઓના બંધનમાં પડી પડી તેના એવા કોઈ લાલની પ્રતીક્ષામાં છે કે જે તેને બંધનમાંથી મુક્ત કરે. અર્થાત્ લક્ષ્મી તેની રાહ જોઈ રહી છે કે જે હિંસા નાથવાના રહસ્યની માહિતી આપતી સત્-સામગ્રીનો પ્રચાર-પ્રસાર દશે - દિશાઓમાં ચોગરદમ અખંડ કર્યા જ કરે.

છગનલાલ કે મગનલાલ, સોહનલાલ ક મોહનલાલ, કંચનલાલ કે રંજનલાલ ચાહે કોઈપણ લાલ આ માટે ઝુકાવો. દુનિયા ઝૂકતી હૈ, ઝુકાનેવાલા ચાહિયે. ખોટા માર્ગે ઝૂકનારાઓ, સાચો માર્ગ દર્શાતાં સાચા માર્ગે ઝૂકશે. માટે જીવનનૈયાને અહિંસાના પ્રચાર-સાગરમાં ઝુકાવો મારા લાલ!

કવિ-નાવિકને સંકટોનો સામનો કરવાનું કહી રહ્યા છે –

**અવનિ અંબર કી તરાજૂ - સામને રખ દી ગઈ હૈ,**
**ક્યોં ન તૌલૂં આજ અપની- શક્તિ ઈસપર ગર્વસે ધર?**
**धूलीमय नभ क्या ईसीसे बांध दूं मैं नाव तटपर?**

અન્યોને દુઃખી કરવાથી આપણે ચોક્કસ દુઃખી થઈશું માત્ર એટલું કહીને જ નહિ પરંતુ તેના રહસ્યને અતિ સૂક્ષ્મ સમજણે અને તાત્ત્વિક-વૈજ્ઞાનિક રીતે સમજવું અને સમજાવવું પડશે. તેથી હિંસા નિવારવામાં ઘણો મોટો સાથ મળશે. બીજાને દુઃખી કરવાથી દુઃખી થઈએ છીએ તે આ રીતે સાબિત કરી શકાય છે.

એક એક અંગ મળીને જેમ વ્યષ્ટિ શરીર બને છે તેમ વિશ્વનાં સમસ્ત શરીરો મળીને એક સમષ્ટિ વિરાટ શરીર બને છે. શરીરના કોઈપણ અંગમાં થતું સુખ-દુઃખ જેમ આખું શરીર અનુભવે છે તેમ કોઈ એક પણ જીવને-શરીરને થતી સુખદુઃખની અસર વત્તાઓછા પ્રમાણમાં આખા સમાજ ઉપર – આખા વિશ્વ ઉપર પ્રસરે છે. આ ન્યાયે આપણા સુખદુઃખની અસર અન્યો ઉપર અને અન્યોના સુખદુઃખની અસર આપણા ઉપર થયા વિના નથી રહેતી. માટે ચેતીને ચાલીએ. સુખી થઈએ અને સુખી કરીએ.

ઇતિ શિવમ્

# ...તો કૂતરામાં અને આપણામાં ફર્ક શું?

– યોગભિક્ષુ

કૂતરું આપણને કરડે તો તેના કરડેલા ઘા ઉપર ઉપચાર કરીને તુરત ઘા કેમ રુઝાય તેવો પ્રયત્ન કરવો તે આપણી ફરજ છે, તે આપણા લાભમાં છે. નહીં કે કૂતરાને સામું કરડવું! જો કૂતરું આપણને કરડે અને આપણે તેને કરડીએ તો તેનામાં અને આપણામાં ફર્ક શું? ફર્ક માત્ર એટલો જ કે તે પ્રથમ કરડ્યું અને આપણે પછી; તેણે પ્રથમ ગુનો કર્યો અને આપણે પછી; તેને પહેલાં સજા થવી જોઈએ અને આપણને પછી. છતાંય જો આપણે તેને સામેથી કરડીએ તો આપણા મોઢામાં તેનું રોગિષ્ટ માંસ જ આવે અને આપણા ઘા ઉપર ઉપચાર કરવામાં વિલંબ થાય તે વધારામાં. આવી ઊંડી સમજણનું નામ જ મનુષ્યપણું.

કૂતરું આપણને ન કરડે તેનો પ્રયત્ન આપણે અવશ્ય નક્કરપણે કરવો જ ઘટે. પરંતુ મનુષ્યે કૂતરાને તો કોઈપણ સંજોગોમાં ન કરડાય. કૂતરું મનુષ્યને કરડે અને મનુષ્ય તેને કરડે તો તો "કરડે"નું ચક્કર ચાલે. પછી તેને થંભાવે કોણ? કૂતરું તો કૂતરું છે, તે ક્યાંથી થંભાવી શકવાનું હતું? કૂતરું પોતાને ન કરડે અને પોતે કૂતરાને ન કરડે એવી સાવધાનીનો પ્રયત્ન તો, ગમે ત્યારે મનુષ્યથી જ થઈ શકવાનો. કારણકે કૂતરાને કર્મના સૂક્ષ્મ નિયમની ખબર નથી. લીમડામાંથી લીમડો અને આંબામાંથી આંબો, હિંસામાંથી હિંસા અને અહિંસામાંથી અહિંસા, આતંકમાંથી આતંક અને શાંતિમાંથી શાંતિ જ ઊગે છે તે નિયમની કૂતરાને ખબર નથી. મનુષ્ય જ આવો નિયમ જાણે છે - જાણી શકે છે. જો આવો નિયમ મનુષ્ય ન જાણે, જાણવાનો પ્રયત્ન ન કરે તો તે પૂંછડા વિનાનું કૂતરું જ છે. કર્મના સૂક્ષ્મ અટલ-અફર નિયમોને ન જાણવાના કારણે મૂંગાં પશુ-પક્ષીઓને એટલું દુઃખ ભોગવવું પડતું નથી જેટલું તે નિયમ ન જાણવાના-આચરવાના કારણે મનુષ્યને ભોગવવું પડે છે. જીવ-જગતની શ્રેષ્ઠતમ કૃતિ મનુષ્યમાં પણ જો કર્મના ગહન નિયમોને જાણવા-આચરવાની ક્ષમતા ન હોય તો મનુષ્યથી નિમ્ન કોટીનાં પશુ-પક્ષીઓમાં તો તેવી ક્ષમતાની આશા રાખી શકાય જ કેમ?

પશુ-પક્ષી કરતાં મનુષ્ય વધુ બુદ્ધિશાળી છે. જે સત્ય વાંચવા-સાંભળવામાં આવે છે કેવળ તેથી જ સત્ય માની લેવાનું નથી પરંતુ તે તો પ્રત્યક્ષ પ્રમાણ છે, રોજના આપણા અનુભવની વાત છે. જેમકે પશુ પોતે જ્યાં ખાતું હોય છે ત્યાં જ ઝાડો-પેશાબ કરે છે અને તેના પર બેસે પણ છે. આમ કરવાથી આવી પડનારા દુઃખનું તેને ભાન નથી. જ્યારે મનુષ્યે જાજરૂ અને બાથરૂમ બંને સ્થાનો બિલકુલ જુદાં બનાવ્યાં. આમ, પશુ-પક્ષીને પોતે કઈ રીતે સુખી થઈ શકશે એનું જ્ઞાન નથી અને મનુષ્યને તેનું જ્ઞાન છે એનાં અનેક પ્રમાણો આપી શકાય તેમ છે.

જે કૂતરાને સુખી કઈ રીતે થઈ શકાય તેની ખબર નથી તે બિચારું તો મનુષ્યને કરડીને તેની શિક્ષાનો ભોગ બને જ છે પરંતુ જેને- મનુષ્યને વધુ સુખી કઈ રીતે થઈ શકાય તેની ખબર છે તેણે તો પોતાને કરડેલા કૂતરાને શિક્ષા કરીને કર્મના અફર નિયમની શિક્ષા શા માટે વહોરી લેવી જોઈએ? સુખી થવા માટે જે બુદ્ધિ મળી છે તેનો ઉપયોગ ન કરીને, કે ઉપયોગ અવળો કરીને દુઃખી જ થવું હોય તો મનુષ્યને કોણ રોકી શકે?

આવું આવું લખવું અને વાંચવું એ પણ પશુ-પક્ષી કરતાં મનુષ્યમાં બુદ્ધિ વધુ છે તેનું જ પ્રત્યક્ષ પ્રમાણ છે. ક્ષુધા, નિદ્રા, ભય અને પ્રજોત્પત્તિની પ્રવૃત્તિ પશુ-પક્ષી અને મનુષ્યમાં સરખી જ છે. પરંતુ વધુમાં વધુ સુખ પ્રાપ્ત કરવા માટેનું ચિંતન-મનન કરીને તેને આત્યંતિક સુખ સુધીની ચરમ સીમા સુધી પહોંચાડી દેવું તે મનુષ્યબુદ્ધિની પરમ સીમા છે; જેની પશુ-પક્ષીમાં હોવાની કલ્પના પણ કેમ કરી શકાય?

કૂતરું અને કરડવુંના દૃષ્ટાંતથી ઉપર કહેવામાં આવેલી વાતો દ્વારા એ સંદર્ભમાં આવતી અને આપણને સ્પર્શતી જીવન-વ્યવહારની ઘણી બધી બાબતોને સમજી લઈને, તેમાં બુદ્ધિનો સદ્ઉપયોગ કરીને સુખી થઈ શકવાનો પ્રયત્ન કરી શકાય.

જ્યાં જે બી વાવીએ છીએ ત્યાંથી જ તે ઊગી નીકળે છે તે સ્થૂળ નિયમ છે. તેથી તેની ખબર સરળતાથી પડે છે. પણ પાપ-પુણ્ય જ્યાં થયું હોય તે સ્થળેથી જ તેનું

દુઃખસુખરૂપી ફળ પ્રાપ્ત થતું નથી. તે તો બીજા સ્થળેથી પણ પ્રાપ્ત થાય છે. કર્મનો આ સૂક્ષ્મ નિયમ જલદી સમજમાં આવતો નથી તેથી ગફલતમાં રહી જવાય છે.

કોઈ વ્યક્તિને લાકડી મારીશું તો તે સામેથી પાંચ ફટકારશે તેવી ખાતરી છે તેથી મન ઉપર કાબૂ રાખીએ છીએ. પણ કૂતરા-બિલાડાને લૂલું-લંગડું કરતાં જરાય અચકાતા નથી. તેના ફળરૂપે અમુક સમયે કેળાની છાલ ઉપર પગ પડવાથી પડીએ અને પગ ભાંગે ત્યારે એ સમજાતું નથી કે આ ફળ અમુક સમય પહેલાં કૂતરાનો પગ ભાંગ્યો હતો તેનું છે. આ દૃષ્ટાંતથી ઘણું બધું સમજી લેવું જોઈએ. આ અતિ ઉપયોગી બાબતને બીજા દૃષ્ટાંતથી પણ સમજવાનો પ્રયત્ન કરીએ.

## કુદરત સર્વની સંભાળ ચોક્કસ લે છે

પૂજારૂમ ખોલતાં જ જણાયું કે ઉંદરડીએ પૂજાનું મૂલ્યવાન આસન કાપ્યું છે. શિષ્ય આ જોઈને બરાડી ઊઠ્યો કે આ ઉંદરડીને તો મારી જ નાખવી જોઈએ.

ગુરુદેવ કહે શા માટે મારવી જોઈએ? આટલા મામૂલી નુકસાનમાં આવો મોટો પ્રાણદંડ? કેટલો અન્યાય? આટલા મામૂલી નુકસાન માટે આપણને કોઈ મોતની સજા કરે તો? બારણામાં ફસાવાથી આપણો કિંમતી કોટ ફાટે તો આપણે શું કરીએ છીએ? બારણું તોડી નાખીએ છીએ? પોળમાં ક્રિકેટ રમનારાઓનો દડો આપણાં કપ-રકાબી તોડી નાખે છે ત્યારે શું કરીએ છીએ? તેને એક થપ્પડ પણ મારી શકીએ છીએ? ના, કેમકે મોટા પ્રતિકારનો ડર છે.

આપણે તો આસન ન ફાટે એટલું જ જોઈએ છે ને? તે તો ઉંદરડીને પીંજરામાં પકડીને બહાર મૂકી આવીએ તો પણ થઈ શકે. પરંતુ આપણે તેમ કરતા નથી. આપણે તો ઉંદરડીને મારી જ નાખીએ છીએ! કેમ? કારણકે તેનો પક્ષ લઈને એ જ વખતે આપણું માથું ભાંગવા કોઈ મેદાને પડતું નથી તેથી. પરંતુ સાવધાન! વહેવારમાં પણ જોઈએ છીએ કે જેનું કોઈ નથી હોતું તેના તરફથી સરકારી વકીલ કામ કરે છે. તો, કુદરતમાં તેવું ન હોય? કુદરત પોતાનાં સર્વ બાળકોની સંભાળ પૂર્ણ નિપુણતાથી લે છે. જેમ જમીનમાં વાવેલું એક બી અનંત ફળ આપે છે તેમ કુદરતનાં બાળકોને દુઃખી કરનારને કુદરત અનંત ગણું દુઃખી કરે છે. દુઃખના કર્મફળપરિપાકકાળે દુઃખ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ભોગવવું પડે છે.

આપણે આસનના માલિક છીએ તેથી તે ફાટવાથી આટલા ગુસ્સે થયા ને? તો, ઉંદરડીનો સર્વનાશ કરનાર ઉપર તેના માલિક-સર્જક કેટલા ગુસ્સે થતા હશે?

પોતાને પૂર્ણ બુદ્ધિશાળી માનતો મનુષ્ય સંપૂર્ણ બુદ્ધિહીન છે! કર્મના નિયમની અતિ સરળ વાતને પણ તે સમજી શકતો નથી! આસન કાપવારૂપી અતિ મામૂલી નુકસાન કર્યાનું ફળ પણ જો ઉંદરડીને પ્રાણદંડરૂપી ભયાનક દુઃખરૂપે ભોગવવું પડતું હોય તો ઉંદરડીને પ્રાણદંડરૂપી મહાનુકસાન પહોંચાડનારને કેટલાં અને કેવાં મહાભયાનક દુઃખો ભોગવવાં પડતાં હશે? કર્મફળો ભોગવવામાંથી કોઈ છટકી શકતું નથી.

કર્મની ગતિ ગહન છે. પરંતુ જેટલી પણ સમજાય તેટલીનું જો પાલન કરી શકાય તો ઘણાં દુઃખોમાંથી સહેજે બચી જવાય.

પ્રાર્થના અને પુરુષાર્થ દ્વારા કર્મફળ નિયમોને વધુમાં વધુ સમજીએ.

## 'ગુરુકૃપા'ના મારા સ્વાનુભવો

- રમેશ પાઠક (હળવદ)

યોગપૂર્ણ તપોમૂર્તિ પ્રેમ કરુણા સાગરમ્
જ્ઞાનપૂર્ણ કૃપામૂર્તિ યોગભિક્ષુ નમામ્યહમ્

સદ્‌ભાગ્યે છેલ્લાં વીસેક વર્ષથી પૂ. ગુરુદેવ યોગભિક્ષુજીના પરિચયમાં આવવાનું બનેલ છે. હળવદમાં ભવાની ભૂતેશ્વર પાસે સ્મશાનમાં આવેલાં જોશી કુટુંબનાં સતીમાની દેરીએ પહેલાં હેમંતભાઈ સાથે અવારનવાર

જવાનું બનતું. હેમંતભાઈ ત્યાં બેસીને ગુરુમહિમા, ગુરુગીતા, ગુરુઆરતી વગેરે બોલતા. હું બાજુમાં બેસીને સાંભળતો. ધીમે ધીમે હું પણ સૂર પુરાવવા લાગ્યો. છેલ્લે હેમંતભાઈ બધાની જય બોલે તેમાં ગુરુદેવ યોગભિક્ષુજીની જય પણ બોલતા. મને થયું કે આ યોગભિક્ષુજી કોણ હશે? એક દિવસ મેં હેમંતભાઈને આ પ્રશ્ન કર્યો એટલે એમણે ખિસ્સામાંથી ડાયરી કે પાકીટ કાઢી તેમાંથી એક બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો કાઢ્યો. 'ૐ'ની અંદર પૂજ્ય યોગભિક્ષુજીનો નાની ઉંમરનો કાળી દાઢીવાળો ફોટો જોયો. બાદમાં હેમંતભાઈએ પરિચય આપ્યો. પછી તો અવારનવાર પૂજ્યશ્રી અંગે થોડીઘણી વાતચીત થયા કરતી. પૂજ્યશ્રી હળવદના જ છે અને મારા મોસાળ પક્ષના જ છે એ જાણી મન પ્રભાવિત થયું. હવે પ્રત્યક્ષ દર્શન કરવાની ઈચ્છા પણ અતિ તીવ્ર બની. ઈશ્વરકૃપાએ બચપણથી જ સંતોએ મને પ્રેમ આપેલો છે. અનેક વાર કેટલાય સંતોના પરિચયમાં આવવાનું બનેલ છે. એક સંત જાણે બીજા સંતને મારી સંભાળ સોંપતા હોય તેવું મેં અનુભવ્યું છે. અસ્તુ.

લગભગ ૧૯૮૩-૮૪ની ગુરુપૂર્ણિમાએ પૂજ્ય ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનું પ્રથમ દર્શન થયું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ હું પૂજ્ય બાપુને (યોગભિક્ષુજીને) મળવા ગયો. મારો પરિચય-ઓળખ મેળવી પૂજ્યશ્રી અત્યંત પ્રસન્ન થયા. મારી સાથે પૂજ્યશ્રીને જૂની ઓળખાણ ન હોય (!) એ રીતે વાતો કરવા લાગ્યા. મને પ્રસાદ આપ્યો અને બાજુમાં બેઠેલા સુરેશભાઈને જણાવ્યું કે "રમેશભાઈને એકવીસ રૂપિયા આપો." હું પૈસા લેતાં અચકાતો હતો. પૂજ્યશ્રીએ આગ્રહપૂર્વક જણાવ્યું કે "આ પૈસા નથી, આ તો પ્રસાદી છે. પ્રસાદી લેવાની ના ન પડાય. તમે પ્રસાદી લઈ લો." પૂજ્યશ્રીની આ વાત સાંભળી મેં સુરેશભાઈએ આપેલા પૈસા લઈ લીધા.

પ્રથમ પરિચયમાં પૂજ્યશ્રીનું પ્રવચન સાંભળ્યું ત્યારે પૂજ્યશ્રી અસલ કાઠિયાવાડી, તળપદી ભાષામાં બોલનાર, તીવ્ર, કડક, વહમા (વસમા), ભુક્કા કાઢી નાખે એવા લાગ્યા. સાથોસાથ પરમ જ્ઞાની લાગ્યા. મનમાં થયું કે આ બાપુને જીરવવા કે સમજવા અઘરા છે. મને એમ લાગ્યું કે જો કોઈ નવો નવો માણસ બાપુની ઝપટમાં આવી જાય અને ધૂળ કાઢી નાખે તો બીજી વખત અહીં (બાપુ પાસે) આવવાનું નામ ન લે. પૂર્વજન્મની કોઈ લેણાદેણી હશે કે બીજું કાંઈ; મારે તો છેલ્લાં વીસ વર્ષથી પૂજ્યશ્રી સાથે સંબંધ જળવાઈ રહ્યો છે. ઘેર આવીને પૂજ્યશ્રીએ આપેલા એકવીસ રૂપિયા પ્લાસ્ટિકની નાની કોથળીમાં મૂકી બીજા પૈસા સાથે પાકીટમાં મૂક્યા અને પાકીટ પેટીમાં મૂકી દીધું.

હવે બન્યું એવું કે પાકીટમાં રાખેલ એક પાવલી (પચીસ પૈસાનો સિક્કો), કે જે મને વાંકાનેરમાં માતાજી તરીકે ઓળખાતાં એક બહેન તરફથી પ્રસાદીમાં મળેલ અને જેને મેં પાકીટમાં રાખેલ તે, ફરી જ્યારે મેં પાકીટ ખોલ્યું ત્યારે ગુમ થઈ ગયેલ. પાવલી પાકીટમાં તેની જગ્યાએ ન દેખાઈ એટલે મેં આખું પાકીટ ફંફોસ્યું, બારીક તપાસ કરી પણ એ પાવલી દેખાઈ નહીં. મને બરાબર ખબર કે પાવલીને મેં પાકીટમાંથી બહાર કાઢી નથી. પાવલી પાકીટમાંથી પડી ગયેલ નથી તેની પૂરી ખાતરી હોવા છતાં મેં અને મારાં કુટુંબીજનોએ તેને શોધવાનો ખૂબ પ્રયત્ન કર્યો. અથાક પ્રયત્નો છતાં પાવલી ના મળી ત્યારે અમને સૌને ખૂબ આશ્ચર્ય થયું! અમને સૌને એમ થયું કે પૂજ્ય યોગભિક્ષુજીની પ્રસાદીના પૈસા આવતાં માતાજીની પ્રસાદીનું (પાવલીનું) કામ પૂરું થયું તેથી તેણે વિદાય લીધી. આની પાછળ કોઈ અગમ્ય રહસ્ય હશે એમ માની અમે મન મનાવી લીધું.

પૂજ્યશ્રીએ આપેલ પૈસા પાકીટમાં બીજા પૈસા સાથે મૂક્યા બાદ ઘરમાં પૈસા આખા મહિના સુધી ટકવા લાગ્યા, ઉછીના લેવાનું બંધ થયું, પૈસા ભેગા થવા લાગ્યા, દેણું ઘટવા લાગ્યું. આશ્ચર્ય!!! પૂજ્યશ્રી ચમત્કારને જરા પણ પોષતા નથી. તેઓ સાધકોને હંમેશા એવો ઉપદેશ આપે છે કે "ચમત્કાર = ચ + મત + કર. ચમત્કાર મત કર. ચમત્કાર ન કરવો, ચમત્કારમાં ન માનવું એ જ સૌથી મોટો ચમત્કાર છે; એ જ ઈશ્વરકૃપા છે." આવી બધી ઊંચી કક્ષાની તાત્ત્વિક વાતો તો પ્રથમ મુલાકાતમાં ન સમજાઈ પણ સામાન્ય મનુષ્ય જે ઈચ્છે તે તો પ્રાપ્ત થયું. મેં એને પ્રથમ ગુરુકૃપા તરીકે અનુભવી. અત્યાર સુધીમાં મને અને મારાં પત્નીને પૂજ્યશ્રી તરફથી ચાર-પાંચ વખત પ્રસાદી મળી હશે. ગુરુકૃપાએ વ્યવહારિક કાર્યો, પ્રસંગો, ઘર-ખર્ચ, અણધાર્યા ખર્ચાઓ વગેરેમાંથી સારી રીતે પસાર થઈ શકાયું છે. આનું એક દૃષ્ટાંત આપું.

અમે છ ભાઈ અને એક બહેન. બહેનનાં લગ્ન નક્કી કર્યાં હતાં. લગ્નને બે-ત્રણ માસ બાકી રહી ગયેલા પણ કાંઈ ખાસ તૈયારી નહોતી થઈ શકી. અડધોઅડધ ખર્ચની જોગવાઈ કરવાની બાકી હતી. વસ્તારી માણસો, પહેલેથી દેણાંવાળું ઘર, ઘરમાં ટૂંકી આવક; આ બધાં કારણોસર ખાસ કાંઈ મૂડી જમા થઈ નહોતી. છ ભાઈ વચ્ચે એક બહેન એટલે ભાઈઓને બહેનનાં લગ્ન ધામધૂમથી કરવાની ઇચ્છા હોય એ સ્વાભાવિક છે. સંજોગો અનુસાર એ શક્ય નહોતું લાગતું. એ અરસામાં પૂજ્ય ગુરુદેવને કોઈ પ્રસંગે હળવદ આવવાનું થયું. ભોજનશાળામાં અમે સહકુટુંબ પૂજ્યશ્રીનાં દર્શને ગયાં. મારા પિતાશ્રીએ પૂજ્યશ્રીને પુષ્પો અર્પણ કર્યાં, ફૂલોનો હાર પહેરાવ્યો અને પ્રણામ કર્યા. પૂજ્યશ્રીએ પાંચ રૂપિયાની નોટ ઉપર 'ૐ' લખી મારા પિતાશ્રીને પ્રસાદરૂપે આપ્યા. તે મેં જોયું. ઘરે આવીને મેં મારા પિતાશ્રીને જણાવ્યું કે પૂજ્ય ગુરુદેવે આપેલ પાંચ રૂપિયાની નોટ વપરાઈ ન જાય તે જોજો; પાકીટમાં કે તમારી બેગમાં સાચવીને રાખજો. તેમણે હસતાં હસતાં પાંચ રૂપિયા સાચવીને મૂકી દીધા. બસ પછી તો "ગુરુકૃપા હી કેવલમ્". ચોતરફથી સગવડતાઓ ઊભી થવા લાગી. જોરશોરથી બહેનનાં લગ્નની તૈયારીઓ થવા લાગી. બહેનનાં લગ્નનો પ્રસંગ ધાર્યો ન હતો એટલી ધામધૂમથી સુંદર રીતે સંપન્ન થયો. પ્રસંગ પત્યા બાદ મારા પિતાશ્રીએ કહ્યું કે "હું મારી કુળદેવી, ઇષ્ટદેવ અને ગાયત્રીમાતા સિવાય કોઈને ન માનું. પરંતુ પૂજ્ય ગુરુદેવને અને તેમણે આપેલ પાંચ રૂપિયાની પ્રસાદીને મારે હૃદયપૂર્વક માનવાં પડે છે. કારણકે એમની કૃપાથી મારી દીકરીનો પ્રસંગ પ્રતિકૂળ સંજોગોમાં પણ ધામધૂમથી ઊકલી ગયો! પાંચ રૂપિયાએ પચાસ હજાર રૂપિયાનું કામ કર્યું છે તેમાં ના નહીં. તેમાં કાંઈક શક્તિ તો છે તે માનવું પડે." ત્યાર પછી અમારા ઘરમાં આવેલા દરેક પ્રસંગો ગુરુદેવની કૃપાથી સારી રીતે થઈ શક્યા છે. બાકી ગુરુદેવનાં ગૂઢ રહસ્યોને કોણ પામી શકે?! અસ્તુ.

મારાં પૂજ્ય મોટીબા (ગોમતીબા) મને ખૂબ જ વહાલાં હતાં. તેઓ દેવ થયાં. તેમની ઉત્તરક્રિયા, ટાણું વગેરે ક્રિયાક્રમ ચાલતાં હતાં. એ વખતે મને ઇચ્છા થઈ કે મોટીબા પાછળ હળવદમાં જોશી તડની નાત થાય તો કેવું સારું! મોટીબાને નાત બહુ વહાલી હતી. મને ઇચ્છા ઘણી હતી પણ નાત જમાડવી એ સહેલું કામ નહોતું અને મારી પાસે એટલી સગવડ પણ નહોતી. બે મિનિટ આંખો બંધ કરી પૂજ્ય ગુરુદેવ અને મારાં કુળદેવીનું સ્મરણ કરી કુટુંબ-પરિવાર અને સગાંઓની હાજરીમાં કહી દીધું કે આવતા મહિને પૂજ્ય મોટીબાની વરસી વાળવી અને હું હળવદમાં વરસીની નાત કરીશ. સંકલ્પ મુજબ જોશીની નાતની બધી તૈયારી થઈ ગઈ. નાત સારી રીતે થાય, કોઈ મુશ્કેલી ના પડે, રસોઈ સારી બને, રસોઈમાં જરાય તુટો ના આવે વગેરે બાબતોની સહજ ચિંતા રહેતી હતી. નાતના દિવસે ભોજનશાળાના રસોડામાં પાટલા ઉપર ગણેશજી, કુળદેવી અને પૂજ્ય યોગભિક્ષુજીના ફોટા મૂકી દીવો કર્યો. ગણપતિજી પાસે ગોળ મૂક્યો. લાડવા વાળવાના શરૂ થયા એટલે ડિશમાંથી પહેલો લાડવો લઈ પૂજ્ય ગુરુદેવના ફોટા પાસે મૂક્યો. એ જ વખતે હેમંતભાઈ આવ્યા કે જેમણે ગુરુદેવની ઓળખાણ આપેલ, ગુરુદેવ વિષેની દિવ્ય-અલૌકિક વાતો કરેલ. તેમણે કહ્યું કે, "ગઈ કાલે બાપુજીને (બાપુજી એટલે હેમંતભાઈના પિતાશ્રી મૂળશંકરભાઈ કે જે પૂજ્ય ગુરુદેવના કાકા થાય અને જોશીની નાત કરેલ તે સમયે તેઓ હયાત હતા તેમને) ગુરુજી સપનામાં આવેલા અને વાતચીત કરતાં ગુરુજીએ બાપુજીને કહેલું કે રમેશ નાત કરે છે ને? આ લ્યો, આ લાડવો રમેશને આપજો. હેમંતભાઈએ તેમના પિતાશ્રીને આવેલ સ્વપ્નની વાત મને કરી. એ સાંભળીને હું ભાવવિભોર થઈ ગયો. પૂજ્યશ્રીએ સ્વપ્નમાં મને લાડવો આપ્યો એ જાણી મને આનંદ આવ્યો. અને જોગાનુજોગ તો જુઓ! હજી હમણાં જ મેં પહેલો લાડવો પૂજ્યશ્રીના ફોટા પાસે મૂક્યો હતો!! મેં હેમંતભાઈને કહ્યું કે હા, જાણે પૂજ્યશ્રીએ આપેલ લાડવો મને મળી ગયો. જુઓ, અત્યારે જ મેં પૂજ્યશ્રીના ફોટા પાસે લાડવો મૂક્યો અને તમે આવીને બાપુજીના સપનાની વાત કરી! ત્યાર બાદ સરસ રીતે મોટીબાની વરસી નિમિત્તે રાખેલ જોશીની નાતનું કાર્ય પૂર્ણ થયું. અસ્તુ.

(ક્રમશઃ)

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म—मृत्यु से) पर है ।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३ ।

---

● ट्रस्टना उद्देशो :-

(१) सर्वव्यापक परम सूक्ष्म चेतन तत्त्व के जेनुं नाम प्रणव (ओम् -ॐ) छे तेनी प्रतीति बहुजनसमाजने कराववा प्रयत्न करवो. (२) 'योग' नो प्रचार, प्रसार अने संशोधन करवा प्रयत्न करवो. (३) समाजनुं नैतिक धोरण ऊंचुं लाववा माटे आध्यात्मिक ज्ञाननो साहित्य द्वारा प्रचार अने प्रसार करवानो प्रयत्न करवो. (४) आ उपरांत 'बहुजनहिताय-बहुजनसुखाय'ने लगतां कार्यो जेवां के केळवणी, तबीबी सारवार वगेरे करवा माटे प्रयत्न करवो.

**લવાજમ દર :-**

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૨૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૨૫૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૨ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૦૧ $

**લવાજમ મોકલવાનું તથા "ઋતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-**


(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૩/બ, પલિયડનગાર
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.


**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.


**PRINTED BOOK**
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY./34/90-91


To,
LM-863 NV H
NAVJIVAN CHERITABLE TRUST
NAVJIVAN
AMDAVAD 380014


આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T. Exe. U/S-80 G (5) No. H.Q. III/33 (821) 2000-01 Up to MARCH-2005.